# પ્રકરણ – 2

# સંશોધન સાહિત્યની સમીક્ષા

2.1 **પ્રસ્તાવના**

2.2 **પૂર્વે થયેલા સંશોધન અભ્યાસોની સમીક્ષા**

2.3 **વ્યવસાય સંતોષ અંગે પુર્વે થયેલા અભ્યાસો**

2.4 **જીવન સંતોષ અંગે પુર્વે થયેલા અભ્યાસો**

2.5 **માનસિક સ્વાસ્થ્ય અંગે પુર્વે થયેલા અભ્યાસો**

2.6 **પ્રસ્તુત અભ્યાસ શા માટે / મહત્વ ?**

# પ્રકરણ – 2

# સંશોધન સાહિત્યની સમીક્ષા

## 2.1 પ્રસ્તાવના :–

સંશોધનનું મુખ્ય પ્રયોજન પ્રશ્નોના ઉતર મેળવવાનું હોય છે. આ પ્રશ્નો પછી કુદરતી ઘટનાઓ કે સામાજિક ઘટનાઓ વિશે માહિતી એકત્રીત કરવી પડે છે. અને આ માટે અગાઉ થયેલા અભ્યાસો, સંદર્ભ સાહિત્યની જરૂર પડે છે. કારણ કે કોઈ પણ પ્રશ્ન કે સમસ્યાનું વૈજ્ઞાનિક ઢબે સંશોધન કરવા માટે તેમાં પુર્વગ્રહ રહિત અને સાથે સાથે તેની તમામ માહિતી અને સુક્ષ્મ બાબતને ધ્યાનમા લેવી પડે છે. આ સમસ્યાઓનું નિરાકરણ, નિરીક્ષણ, પ્રયોગ પધ્ધતિઓ ધ્વારા થાય છે એટલે કે વૈજ્ઞાનિક ઢબે જરૂરી બને છે.

સંશોધનને અંગ્રેજીમાં "Research" એટલે ફરીથી શોધવુ. કોઈ પણ એક બાબતમા કંઈક શોધ થઈ ગઈ હોય. તે બાબત વારંવાર દૃષ્ટિપાત કરવો તેને સંશોધન કહેવામા આવે છે. અમુક બાબતમા પહેલી દૃષ્ટિએ કરેલુ સંશોધન ખામીયુકત હોઈ શકે છે. તે બાબતને ફરી ફરીને ચકાસવાની જરૂર હોય છે. આવી સંશોધનાત્મક વૃતિથી વિજ્ઞાનને તેના ક્ષેત્રમા નવા નવા સત્યો ઉપલબ્ધ થાય છે.

અગ્રવાલ જણાવે છે કે "સંદર્ભ સાહિત્યનો અભ્યાસ સંશોધનને વ્યાખ્યાયિત કરવા માટે અને તેની મર્યાદા બાંધવા માટે ખુબ જરૂરી છે."

કોઈ પણ સંશોધક સુક્ષ્મમા સુક્ષ્મ અભ્યાસ કરવાનું વલણ ધરાવે છે તો તેવો અભ્યાસ કરવાને પુરી શકયતા રહેલી છે.

કોઈ પણ સંશોધકને સંદર્ભ સાહિત્યની અનિવાર્યતા એ હેતુથી ઉભી થાય છે. કે આ સાહિત્ય દ્વારા તેને પોતાના અભ્યાસનો સ્પષ્ટ ચિતાર મળી રહે છે. અને તેથી જ વ્યવસાય શરૂ કરતા પહેલા પોતાના વિષયને લગતા વ્યવસાયોથી પરિચિત થવુ આશીર્વાદ રૂપ થઈ પડે છે. કોઈ પણ સંશોધનની શરૂઆત તેના સંદર્ભ સાહિત્યના પરિપ્રેક્ષ્યમા તપાસવાથી આપણને જે તે વિષયમા થયેલા સંશોધન અંગેની વિવિધતા ભરેલી માહિતી મળે છે. જેને સંશોધનની પરિભાષામાં " REVIEW OF RESEARCH" કહેવામા આવે છે. દેસાઈ અને દેસાઈ જણાવે છે કે " કોઈ પણ સંશોધન શુન્યાવકાશમા થતુ નથી. બીજાની સંકલ્પનાઓ અને સિધ્ધાંતો આપણા માટે માર્ગદર્શક બને છે.

સંશોધક જે વિસ્તારમાં આ વ્યવસાય કરે છે. તે વિસ્તારમા આવા કોઈ સંશોધન થયા હોય તો બીનજરૂરી પુનરાવર્તન ન થાય તેની ખબર પડે છે. વળી, પુનરાવર્તનની જરૂરી છે કે કેમ તેનો પણ ખ્યાલ આવે છે. વળી, આવા સંશોધનને લગતા વ્યવસાયમા કોઈ ક્ષતિ રહેલી હોય તેને

શોધીને તે નિવારવા શકય પ્રયાસ હાથ ધરાય છે. પ્રયોજકને પોતાના અભ્યાસની દરેક પ્રક્રિયા માટે માર્ગદર્શન મળી રહે છે.

પુર્વે થયેલા સંશોધન સંશોધકને ઘણી રીતે માર્ગદર્શક થઈ પડે છે અને ઘણી રીતે સહાયક બને છે. સંશોધનમા ઝુકાવનારા શીખાઉ સંશોધકો ઘણીવાર એવા ભ્રમમાં મહાલતા હોય છે કે પોતે તદન મૌલિક અને અત્યંત અપુર્વ કહેવાય એવુ સંશોધન વ્યવસાય હાથ ધરી રહયા છે. પણ સંદર્ભ સાહિત્યની તપાસ તેમની ભ્રમણાને ભાંગે છે. વળી, સાહિત્યની તપાસ નવા સંશોધકને સંશોધનની વિધિઓ, પ્રક્રિયાઓ અને પાસાઓ અંગે પ્રત્યક્ષ શિક્ષણ આપે છે. સંશોધનશાસ્ત્રની કેવળ બૌધ્ધિક માહિતી સંશોધન ઉપાડવા માટે પુરતી માર્ગદર્શક બનતી નથી. સંશોધકે કયા પગલા ભરવાના હોય છે કેવી રીતે કેટલા તબકકે લેવા પડે છે. ઘણી બધી સંભવ્ય ક્ષતિઓ અને ભુલોથી સાવધ રહેવું પડે છે તે બધાની ઉદાહરણ સહિત સમજ અને પ્રતિતિતેને પુર્વ થયેલાં સંશોધનોની સમીક્ષામાથી સાંપડે છે.

પુર્વ થયેલા સંશોધનની તપાસ સંબંધ પરિબળો અસંખ્ય પરિવર્ત્યો અને સંશોધનના વિશિષ્ટ તારણો પુષ્કળ માહિતી પુરી પાડે છે. આવા પ્રકારની માહિતી આપણને ઘણીવાર સંશોધનની વ્યાખ્યા એવી કરવામા આવે છે, કે " FILL IN THE GAPS IN PREVIOUS KNOWLEDGE" એટલે એ દ્રષ્ટિએ પણ સંશોધકે કયા પરિવર્ત્યો વિશે કામ કરવુ જરૂરી છે તેની જાણ પુર્વ તપાસ તેને આપી શકે છે. ઘણીવાર આ સંબંધ સાહિત્યની સમીક્ષા સંશોધકને કયા પરિવર્ત્યો અંગે કેટલુ ગહન અધ્યયન જરૂરી છે. તેની માહિતી વ્યકિતને વધુ ગહન અને અદ્યતન, સઘન અભ્યાસ માટેની પ્રેરણા પુરી પાડે છે.

વળી, મનમા ઉગતાની સાથે વિના ખર્ચે કોઈ સંશોધન થતુ નથી તેના માટે શકિત, નાણા અને સમયને ખર્ચવા પડે છે. એટલે એ ખર્ચ વ્યર્થ ન જાય તેની સંશોધકે કાળજી રાખવી પડે છે. પુર્વ સાહિત્યની તપાસ કર્યા વિના સંશોધનમાં ઝુકાવનારાનું કાર્ય નિરર્થક પુરવાર થાય છે. એટલા માટે એવુ નિરર્થક પુનરાવર્તન ટાળવા માટે પણ સંશોધકે પુર્વ સંશોધનની તપાસ કરવી આવશ્યક છે.

સંશોધનકર્તા જયારે તેના સંશોધન વિષયના સંદર્ભ સાહિત્યનું અધ્યયન કરે છે. ત્યારે તેને તે વિષયમા થયેલા સંશોધન વિષે માહિતી મળે છે. આ રીતે સંદર્ભ સાહિત્યનું વાંચન કરવાથી સંશોધકન પોતે જે વિષય પર સંશોધન કરે છે તેમા કેટલુ કાર્ય થયુ અને કેટલુ કાર્ય બાકી છે, તથા પોતાને સંશોધન કઈ દિશામા કરવું ખ્યાલ આવે છે.

જે વિષય અંગે અગાઉ કંઈક ખેડાણ થયુ હોય તેમાથી જ નવુ નવુ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. કોઈ પણ સંશોધન શૂન્યમાથી શરૂ થતુ નથી. પરંતુ ભુતકાળમા થયેલા સંશોધનોમાંથી જ ઉદભવે છે. પુર્વમા થયેલા સંશોધનોમાંથી જ ઉદભવે છે. પુર્વના સંશોધનનું વાંચન મનન અને ચિંતન એટલા

માટે જરૂરી છે કે પ્રસ્તુતસંશોધનની વિભાવનાઓ અંગે અન્ય વિદ્વવાનોએ આપેલા ખ્યાલની સ્પષ્ટતા થાય. તેથી સંશોધકને પણ આ વિશેનો ખ્યાલ શુધ્ધ થઈ એ દ્રઢ બને તેથી તે વધારે ચોકસાઈથી સંશોધન કરી શકે.

કોઈ પણ સંશોધકને સંદર્ભ સાહિત્યની અનિવાર્યતા એ હેતુથી ઉભી થાય છે કે આ સાહિત્ય ધ્વારા તેને પોતાના અભ્યાસનો સ્પષ્ટ ચિતાર મળી રહે છે. અને તેથી કાર્ય શરૂ કરતા પહેલા પોતાના વિષયને લગતા કાર્યોથી પરિચિત થવું આશીર્વાદરૂપ થઈ પડે છે.

## 2.2 **પુર્વ થયેલા સંશોધન અભ્યાસોની સમીક્ષા :–**

### 2.2.1 **પુર્વ થયેલા સંશોધન સાહિત્યની ઉપયોગીતા :–**

સંશોધનની જે સમસ્યા ઉપર અભ્યાસ હાથ ધરવાના હોય તેવા જ પ્રકારના ભુતકાળના થયેલા સંશોધનનો અભ્યાસ કરી તેની વિગતો રજુ કરવી જોઈએ. ભુતકાળના થયેલા સંશોધનોનું વર્ણન રજૂ કરી દેવાથી જ સંશોધનનુ કાર્ય પુર્ણ થતુ નથી. પરંતુ સંશોધનમાં પુર્વગામી સાહિત્યનું પુનરાવલોકન કરવામા આવે છે. પુર્વગામી સંશોધન સાહિત્ય સંશોધકને પ્રેરણા આપે છે. જેમ કે પુર્વ થયેલા સંશોધનોના નિષ્કર્ષમાં શંકા ઉભી થાય છે. તેથી સંશોધક તે ક્ષેત્રમા નવુ સંશોધન કરવા પ્રેરાય છે. પુર્વગામી સંશોધનની વધુ ચકાસણી કરવા માટે કે તેના નિષ્કર્ષોની વધુ ખાતરી કરવા માટે નવા સંશોધનો કરી શકાય છે. મર્યાદિત ક્ષેત્રને લીધે અમુક ક્ષેત્રમા જ અભ્યાસ થઈ શકે તે માટે બીજું ન વુસંશોધન કરવામા આવે તો નવા પ્રકારના નિષ્કર્ષો ફલિત કરી શકાય છે. આ ઉપરાંત એક જ ક્ષેત્રમાં એકનું એક કાર્ય કરવુએ નિરર્થક બિનજરૂરી પ્રવૃતિ બની જાય છે. આથી સમય, શકિત અને નાણાનો વ્યય થતો અટકાવવા પુર્વીય અભ્યાસો તપાસવા જરૂરી બને છે. આ ઉપરાંત એક જ ક્ષેત્રમાં તેનું પુનરાવર્તન કરવું ફાયદાકારક છે કે નહિ તેનો ખ્યાલ પણ આવી શકે છે

પુર્વગામી સંશોધનમાં સંશોધકની ધારણા કરતા વિરોધી પરીણામ આવ્યુ હોય ત્યારે તેનુ સ્પષ્ટીકરણ કરવા માટે નવા સંશોધનો કરી શકાય. પુર્વગામી સંશોધનોમાં સંશોધનની અમુક પધ્ધતિઓનો ઉપયોગ થયો હોય છે. આ પધ્ધતિ વડે નવા સંશોધનો કરીને જુદી સમસ્યાઓનું સ્પષ્ટીકરણ થઈ શકે છે. પુર્વગામી સંશોધનના પરીણામોનું સંયોજન કરીને તદન નવો અભિગમ ધરાવતુ સંશોધન કરી શકાય છે.

### 2.2.2 **પુર્વ સંશોધનને પડકાર :–**

ઈ.સ.1930 થી 1940 ના ગાળામા સામાજિક ધોરણોની વર્તન પર થતી અસર વિશે ઘણા સંશોધનો થયા છે. વ્યકિત સામાજિક ધોરણોને અનુરૂપ વર્તે છે એવુ સામાન્ય તારણ આવ્યુ હતુ.

વ્યકિતના નિર્ણયો પરપણ સામાજિક ધોરણોનો પ્રભાવ પડયો છે. શેરિફના અભ્યાસોમા એવુ તારણ આપ્યુ હતુ કે વ્યકિત જુથમાં હોય ત્યારે તેના નિર્ણય પર જુથની અસર પડે છે. એશ નામનાં સંશોધકે પડકાર ફેંકયો. એશે સંશોધનની પ્રાયોગીક પ્રક્રિયા વિશે શંકા કરી તેને જણાવ્યુ કે પ્રસ્તુત પ્રયોગમાં જુથ કરતા પ્રયોગ વિધિની અસર હતી. શેરીફના પ્રયોગમાં જે પરિવર્ત્યો રજુ કરવામા આવ્યા હતા તે સંદિગ્ધ હતા. શેરિફે અંધકારમા રાખેલા પ્રકાશ બિંદુઓની ગતિશીલતા વિશે પ્રયોગપાત્રોએ નિર્ણય આપવાનો હતો. ''એશે'' જણાવ્યુકે આ પરિવર્ત્યો સંદિગ્ધહતા તેથી વ્યકિતને નિર્ણય કરવામાં મુશ્કેલી જણાતી હતી. વ્યકિત સમક્ષ સ્પષ્ટ પરિવર્ત્યો રજુ કરવામા આવેતો તે જુથને અનુરૂપે નિર્ણય આપે નહિ પરંતુ વ્યકિતગત નિર્ણય આપી શકે છે. ''શેરિફ'' ના સંશોધન સામે એશે પડકાર ફેંકયો હતો કે શેરિફના સંશોધનમા પરિવર્ત્યો સ્પષ્ટ ન હતા. વસ્તુલક્ષી સંકેતો ધ્વારા સંશોધન કરવામા આવે તો પ્રયોગપાત્રો વ્યકિતગત નિર્ણયો આપી શકે. એશે વસ્તુલક્ષી સંકેતો આપીને ફલિત કર્યુ કે ૨/૩ નિર્ણયો પર જુથની અસર ન હતી. જયારે બાકીના ૧/૩ ના નિર્ણયો પર જુથની અસર ચાલુ રહી હતી.

### 2.2.3 પુર્વ સંશોધનમા કાર્ય કરતી પ્રક્રિયાની વધુ સ્પષ્ટતા :–

પુર્વેના સંશોધનોની સમીક્ષા કરવાથી પરિણામોને પડકાર ફેંકવા કરતા જે પ્રક્રિયાથી પરીણામો મેળવવામા આવ્યા હોય તે પ્રક્રિયા સ્પષ્ટ હોતી નથી. તે પ્રક્રિયાની વધુ સમજુતિ આવશ્યક હોય છે. સંશોધનોના પરીણામો પર વિવિધ ઘટકો એકબીજા સાથે સંકળાયેલા હોય છે તેથી કયો ઘટક પરીણામ માટે જવાબદાર છે તે નકકી થતુ નથી. આ પ્રકારની અસ્પષ્ટતા હોય છે ત્યારે નવુ સંશોધન કરીને પરીણામો પ્રાપ્ત કરવાથી કયો ઘટક પરીણામ માટે જવાબદાર છે તે શોધી શકાય છે.

### 2.2.4 પુર્વ સંશોધનોનું પુનરાવર્તન કરીને તેનુ સમર્થન મેળવવું :–

કોઈ પણ સંશોધનનુ પુનરાવર્તન થવુ જોઈએ. સામાજિક સંશોધનમા પુર્વગામી સંશોધનનું જે પુનરાવર્તન કરવામા આવે છે તે એના એ જ સ્વરૂપમા હોતુ નથી પરંતુ થોડા ઘણા સુધારા સાથે પુનરાર્તન કરવામા આવે છે. પુર્વના સંશોધનની પધ્ધતિ અને નિદર્શ કદ સમાન અથવા ફેરફાર કરી સામાજિક દ્રષ્ટિએ જે સમસ્યા વધારે મહત્વની ગણાય છે તેનું પુનરાવર્તન કરી ફરીથી સંશોધન કરી શકાય છે અને ત્યારે તે પુર્વેનુ સંશોધન સાહિત્ય પછીના સંશોધનમાં ઉપયોગી બને છે. માટે પુર્વ સંશોધનની સમીક્ષા કરવામા આવે છે.

## 2.2.5 એક ક્ષેત્રમા જે પરિવર્ત્ય સંબંધો જોવા મળ્યા હોય તે સંબંધોની તપાસ કરતુ સંશોધન :–

પુનરાવર્તનમા મુળ સંશોધનને સમર્થન આપવાનો અથવા તેની ચકાસણી કરવાનો હેતુ હોય છે. અહી સંશોધનનો મુળ હેતુ સંશોધનને સમર્થન આપવાનો, તેની સ્પષ્ટતા કરવાનો કે તેમા સુધારો કરવાનો નથી. પરંતુ જુના સંશોધનના બંધારણમા કે તેની વિગતોમા પરિવર્તન લાવવામા આવે તો તેની શી અસર થાય છે ? તે જાણવાનો હેતુ હોય છે. પહેલા સંશોધનમાં જે પરિવર્ત્યો સંબંધો જોવા મળ્યા હોય તે પરિવર્ત્ય સંબંધોની ચકાસણી કરવા માટે નવું સંશોધન કરવામા આવે છે. ઈ.સ. 1950માં વિદ્યાર્થીઓની આંતરરાષ્ટ્રીય હેરફેરના કાર્યક્રમનો અમલ થયો હતો.

સામાજિક વિજ્ઞાનોમા સંશોધનોએ આ બાબતમા રસ લીધો હતો અને આ પ્રકારની હેરફેર પારસ્પરીક વલણો પર અસર કરે છે કે નહિ તે જાણવાનો પ્રયાસ કર્યો હતો. એક સંશોધનમા વિદેશી નાગરિકો અમેરિકામા રહે તેથી તેમના અમેરિકનો પ્રત્યેના મનોવલણોમા ફેર પડે છે કે નહિ તે તપાસ વામા આવ્યુ હતુ તે પ્રસ્તુત સંશોધનમા એવુ તારણ આવ્યુ હતુ કે આ પ્રકારના સંપર્કથી વિદેશીઓના અમેરિકનો પ્રત્યેના મનોવલણોમા નોંધપાત્ર ફેર પડયો હતો.

## 2.2.6 અનપેક્ષીત પરીણામોના કારણો જાણવા માટે થયેલા સંશોધનો :–

કોઈ પણ સમસ્યા કે ઉત્કલ્પનાનું જે પરીણામની ધારણા કરેલી હોય તેમા નિષ્ફળતા મળે છે તેના પરીણામને લીધે નવા સંશોધનને પ્રેરણા આપે છે.

હાર્લો અને તેના સાથીદારોએ પ્રેમ વંચીતતાની વાનરબાળ પર શી અસર થાય છે તે જાણવા માટે પ્રાયોગિક સંશોધન કર્યુ હતુ. પ્રસ્તુત સંશોધનની ધારણા એવી હતી કે વાનરબાળને માતાના પ્રેમથી વંચીત રાખવામા આવે તો તેઓ સૌમ્ય મનોવિકૃતિનો ભોગ બનશે. બચ્ચાઓને બાલ્યકાળમાં પ્રેમ વિહોણી કૃત્રિમ માતા સાથે ઉછેરવામા આવ્યા હતા. છતા પણ હાર્લોની ધારણા પ્રમાણેની અપેક્ષા કરતા તદન જુદુ હતુ. હાર્લોની ધારણા પ્રમાણે તેઓ સૌમ્ય મનોવિકૃતિનો ભોગ બન્યા ન હતા. બીજા સંશોધનમા વાનર બાળકોને જન્મથી જ અન્ય વાનરોના સંપર્કથી વિમુખ રાખવામા આવ્યા હતા. આ સંશોધનની ધારણા એવી ન હતી કે તેઓમાં વિકૃત વર્તન પામશે. પરંતુ આ બચ્ચાઓ જયારે પુખ્ત બન્યા ત્યારે તેઓમા સૌમ્ય મનોવિકૃતિના લક્ષણો જોવા મળ્યા હતા. આમ,સંશોધનમાં આ બંને દ્રષ્ટાંતોમા સંશોધકની અપેક્ષા કરતા પરીણામ જુદુ આવ્યુ હતુ. આ નિષ્ફળતા નવા સંશોધનની પ્રેરણા પુરી પાડે છે અને આ અંગે ઘણા નવા સંશોધનો પણ થયા છે.

### 2.2.7 એક સમસ્યામા વિકાસ પામેલી સંશોધનની પ્રયુકિત બીજી જુદી સમસ્યામા ઉપયોગમાં લઈ શકાય :–

કોઈ પણ એક પુર્વગામી સંશોધનમાં સંશોધનની વિશિષ્ટ પ્રયુકિતનો ઉપયોગ થયો હોય છે. આ પ્રયુકિતને બીજા સંશોધનમાં પ્રયોજી શકાય છે. ''એશે'' જુથના દબાણની નિર્ણય પર શી અસર થાય છે તેનો અભ્યાસ કર્યો હતો. તે પછી એ પ્રયુકિતને ધ્યાનમાં લઈ અસંખ્ય અભ્યાસો થયા હતા.

આમ આદર્શ પરિસ્થિતિ તો એ છે કે સંશોધકે પોતાના કાર્યના આરંભે સંબંધિત સાહિત્યની સમીક્ષા તૈયાર કરી લેવી જોઈએ. તો જ પોતાના કાર્યનો આધારભુત રસ્તો તૈયાર થાય.

આ ઉપરાંત સંશોધક સંદર્ભ સાહિત્યનું અધ્યયન કરે છે. ત્યારે તેને જે તે વિષય પર કેટલુ ખેડાણ થયેલુ છે ? કયા સામાજિક કાર્ય પર અભ્યાસ કરવાની જરૂર છે એ અંગેની સ્પષ્ટ દિશા મળી આવે છે. જેથી કરીને બિનજરૂરી મહેનત કરવાથી જે નિષ્ફળતા મળે તેમાંથી અગાઉથી જ જાણ થઈ જાય છે. માટે તે વ્યવહારમાં વધારે જરૂરી છે. તે પણ વધારે ધ્યાનમા રાખી તે સમસ્યાને નકકી કરી આગળ વધી શકાય છે. અને સફળતા મેળવી શકાય છે.

કોઈ પણ સંશોધન શૂન્યમાથી શરૂ થતુ નથી. જે કાંઈ સંશોધનો અગાઉ થયેલા છે તેનુ ક્ષેત્ર સીમીત હોય છે. આથી બીજા ક્ષેત્રમાં પણ કરી શકાય. આ ઉપરાંત દેશ, કાળ પણ પરિસ્થિતિમાં સંશોધકો બદલાતા હોય છે. આથી સંદર્ભ સાહિત્ય આ માટેનું મોડેલ (ક્રિયાત્મક માળખુ) નકકી કરવામા મદદરૂપ બને છે અને જે તે ક્ષેત્રમા તે કાર્ય કરવું જરૂરી છે. કે નહિ તે આ પુર્વ સંબંધિત સાહિત્ય ધ્વારા નકકી કરી શકાય છે અને જરૂર હોય તો ખુટતી માહિતી માટે જે કંઈ કાર્ય કરીએ છીએ તે માટે તેનો કાર્ડિયોગ્રામ નકકી કરવામા મદદ રૂપ બને છે.

## 2.3 વ્યવસાય સંતોષકારક અંગે પુર્વે થયેલા અભ્યાસો :–

### 2.3.1 સંશોધક : **હોગ લુ** (2007)

એલિસન ઈ. વ્હાઈલ

કે. લ્યુઈસ બેરિબોલ

સમસ્યા : ''મેનલેન્ડ ચાઈનામાં કામ કરતી નર્સોની બાબતમા કેટલો વ્યવસાય સંતોષ છે – એક આદર્શ નમુનાનો અભ્યાસ''

સ્થાન : 1. પેકીંગ યુનિવર્સીટી, બેઈઝીંગ, ચાઈના

2. નર્સિંગ કિંગ્સ કોલેજ, લંડન, યુ. કે.

હેતુ : આ અભ્યાસનો મુખ્ય હેતુ મેનલેન્ડ ચાઈનામા કામ કરતી નર્સોની વાસ્તવિક જીવનમાં તેમના વિચારો – અનુભવો અને વ્યવસાય સંતોષને મુલવવાનો છે.

સાધનો : (1) સર્વે (2) પ્રશ્નાવલી

નિદર્શ : આ અભ્યાસ માટે બેઈઝીંગની હોસ્પીટલમાં કાર્ય કરતી કુલ 512 નર્સોને નિદર્શ તરીકે પસંદ કરવામા આવી હતી.

નિષ્કર્ષ : આ અભ્યાસને આધારે એ નિષ્કર્ષ મેળવી શકાય કે વાસ્તવિક સંતોષ નર્સોમાં વધારો કરવો હોય તો તેમને વ્યવસાયમાં તનાવ દુર કરી પ્રોત્સાહન આપીને વ્યવસાય સંતોષમાં વધારો કરી શકાય છે.

2.3.2. **સંશોધક : કલાઉડીયો જી. કોર્ટેસે** (2007)

ફાકોલ્ટો ડી. પિસ્કોજીયા

સમસ્યા : "ઈટાલીયન નર્સોના વ્યાવસાયિક સંતોષની ચકાસણી અને તેનો ઉંડાણપુર્વક અભ્યાસ"

સ્થાન : 1 તુર્કિન યુનિવર્સીટી, તુર્કિન, ઈટાલી

2 યૂનિ. ડેંગ્લી સ્ટડી ડી. – ટોરીના

હેતુ : આ અભ્યાસનો મુખ્ય હેતુ ત્રણ ઈટાલીયન હોસ્પીટલની નર્સોની અસંતોષના કારણ અને વ્યવસાય સંતોષમા કયા ઘટકો અગત્યનો ભાગ ભજવે છે તે શોધવું.

નિદર્શ : આ અભ્યાસ માટે કુલ 64 ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવ્યા હતા.

સાધનો : 1 નેરેટીવ ઈન્ટરવ્યુ ટેકનીક મેથડ

નિષ્કર્ષ : નર્સોમાં વ્યવસાય સંતોષમાં જો વધારો કરવો હોય તો વર્તમાન નર્સિંગ મેનેજમેન્ટ ટેકનિકમાં સુધારો કરવો ખુબ જ જરૂરી છે. ત્રણ સ્વતંત્ર એરિયા જેવા કે વ્યાવસાયિક તાલીમમાં રોકાણ, સંસ્થાકિય મોડેલમાં સુધારો અને વ્યવસાય સંતોષનું કાયમી મોનીટરીંગ.

2.3.3 : **ધંધાદારી અને બિનધંધાદારી ક્ષેત્રના વ્યવસાયિક સામેલગીરી અને ભાગીદારીનો વ્યવસાયિક સંતોષ સાથેનો સંબંધતપાસતો એક અભ્યાસ.**

**– પેસ્તનજી** (1995)

નિદર્શ : નમુના તરીકે 145 ઓફીસરો અને 135 કલાર્ક એમ કુલ મળીને 280 કર્મચારીઓની પસંદગી કરવામા આવી હતી.

સાધનો : 1. વ્યવસાયિક સામેલગીરી તુલા

2. વ્યવસાયિક સમતોલ તુલા

3. વ્યકિતગત માહિતી પત્રક

તારણો : વ્યવસાય સામેલગીરીને ધંધાદારી જુથના બંને કક્ષાના કર્મચારીઓ સાથે ઉચો સહસંબંધ જોવા મળે છે, જયારે વ્યવસાયિક સામેલગીરીને બિનધંધાદારી સાથે નીચો સહસંબંધ જોવા મળ્યો હતો.

2.3.4 **માધ્યમિક શાળાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ પરનો અભ્યાસ.**

**– કાંતિલાલ કે. પટેલ** (1969)

નિદર્શ : ખેડા જિલ્લાના માધ્યમિક શાળાના 400 શિક્ષકોનો નમુનો પસંદ કર્યો હતો.

સાધનો : 1. પ્રશ્નાવલી

2. મુલાકાત પધ્ધતિ

તારણો : 1.વિષયવસ્તુની પુરતુ જ્ઞાન હોય તો વ્યવસાય સંતોષ વધુ પ્રાપ્ત થાય છે.

2.સહકારભર્યુ અને લોકશાહી વાતાવરણ હોય તો વ્યવસાય સંતોષનુ પ્રમાણ ઉચુ જોવા મળે છે.

3.જ્ઞાનવૃધ્ધિની તકો જો વધુ હોય તો વ્યવસાય સંતોષ વધુ જોવા મળે છે.

3.સામાજિક મોભો વધે છે તેને લીધે પણ વ્યવસાયિક સંતોષ ધરાવે છે.

2.3.5 **જાહેર અને ખાનગી ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓનો વ્યવસાય સંતોષ અને વ્યવસાયિક સામેલગીરીનો તુલનાત્મક અભ્યાસ.**

**– ગોપી કુમાર** (1993)

નિદર્શ : આંધ્રપ્રદેશના ચિતોડ જિલ્લામાથી 150 કામદારો અને 150 ઓફીસરો એમ 300 ઉતરદાતાઓ પસંદ કરવામા આવ્યા હતા. જેમા 150 જાહેર ક્ષેત્રમાથી અને 150 ખાનગી ક્ષેત્રમાથી પસંદ કરવામા આવ્યા હતા.

સાધનો : 1. વ્યવસાયિક સામેલગીરી તુલા

2. વ્યવસાયિક સંતોષ તુલા

તારણો : 1.વ્યવસાયિક સંતોષ અને વ્યવસાયિક સામેલગીરી વચ્ચે ઉચો વિધાયક સહસંબંધ જોવા મળ્યો હતો.

2.જાહેર અને ખાનગી ક્ષેત્રના કામદારો વચ્ચે વ્યવસાય સંતોષ બાબતમાં

કોઈ તફાવત જોવા મળ્યો ન હતો. જયારે આ જ ક્ષેત્રનાં ઓફીસરો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

3. ખાનગી ક્ષેત્રનાં કામદારોની વ્યવસાયિક સામેલગીરી વધુ જોવા મળી હતી અને તેઓ પોતાની આંતરિક જરૂરીયાતના સંતોષ જેવી કે સ્વાયતતા જવાબદારી વગેરેનાંસંતોષમાં વધારે સભાન હતા.

### 2.3.6 **મોરબી શહેરના ઘડીયાળ ઉદ્યોગના કારખાનાઓમાં કામ કરતા કર્મચારીઓનું સંસ્થાકીય, વ્યવસાયિક સામેલગીરી અને વ્યવસાયિક સંતોષનો એક અભ્યાસ.**

**– એ.એસ.મારકણા** (1997)

નિદર્શ : સાદા યદચ્છ નિદર્શની પધ્ધતિથી મોરબી શહેરના ઘડીયાળના કારખાનાઓમાથી 240 કર્મચારીઓનો નિદર્શ સ્લીપ પધ્ધતિથી પસંદ કરવામા આવ્યો હતો. જેમા 120સ્ત્રી અને 120 પુરૂષ કર્મચારીઓનો સમાવેશ થતો હતો.

સાધનો :
1. સંસ્થાકિય સ્વાસ્થ્ય તુલા
2. વ્યવસાય સામેલગીરી તુલા
3. વ્યવસાયિક સંતોષ તુલા
4. વ્યકિતગત માહિતી પત્રક

તારણો :1. કર્મચારીઓના સંસ્થાકિય સ્વાસ્થ્ય અને વ્યવસાયિક સામેલગીરી વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળ્યો છે.

2. કર્મચારીઓના સંસ્થાકિય સ્વાસ્થ્ય ઉપર તેમની ઉંમર અને શૈક્ષણિક લાયકાતની સંયુકત સાર્થક અસર જોવા મળે છે.

3. કર્મચારીઓના વ્યવસાયિક સંતોષ ઉપર તેની જાતિ અને ઉંમરની સંયુકત અસર સાર્થક જોવા મળે છે.

4. 3 વર્ષ સુધીનો, 3 વર્ષથી વધુ અનુભવ ધરાવતા કર્મચારીઓના સંસ્થાકિય સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકોનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે.

**2.3.7 કર્મચારીની પ્રતિબધ્ધતા અને સુપરવાઈઝર ધ્વારા તેઓના વ્યવસાયનું મુલ્યાંકન અને વ્યવસાય સંતોષ વચ્ચેના સંબંધનો એક અભ્યાસ.**

**– જેકશન** (1980)

નિદર્શઃ કેનેડામાં 17 જિલ્લાની જુદી જુદી કંપનીઓના મેનેજરોનો સમાવેશ કરવામા આવ્યો હતો. કુલ 114 મેનેજરોને યદચ્છ રીતે પસંદ કર્યા. તેમણે પોતાના હાથ નીચે કાર્ય કરતા કર્મચારીઓનું મૂલ્યાંકન કરીને તેની નોંધ મુખ્ય કાર્યાલયને મોકલી હતી અને આ માહિતી પરથી જ કર્મચારીઓનું મુલ્યાંકન કરવામાં આવ્યુ હતુ.

સાધનો : 1. વ્યવસાયિક મુલ્યાંકન તુલા

2. વ્યવસાયિક સંતોષ તુલા

તારણો : વ્યવસાયિક સંતોષ દેખાવ સાથે સંબંધ ધરાવતો નથી. જયારે વ્યવસાયિક મુલ્યાંકન, વ્યવસાયિક દેખાવ સાથેસંબંધ ધરાવે છે.

**2.3.8 કોલેજ શિક્ષકોના સામાજિક–આર્થિક દરજજો, મનોભાર અને વ્યવસાયિક સંતોષનો એક અભ્યાસ.**

**– સુરેલીયા** (1994)

નિદર્શ : અહી રાજકોટ અને જામનગરની કોલેજોની વિવિધ વિદ્યાશાખાઓના કુલ 220 પ્રાધ્યાપકોનો નમુનામા સમાવેશ કરવામા આવ્યો હતો. જેમા 115 સ્ત્રી પ્રાધ્યાપકો અને 105 પુરૂષ પ્રાધ્યાપકોનોસમાવેશ થયો હતો.

સાધનો : 1. સામાજિક–આર્થિક દરજજા માપદંડ

2. કોલેજ શિક્ષક મનોભાર તુલા

3. વ્યવસાયિક સંતષ તુલા

તારણો : 1. મનોભારના પ્રમાણને સ્ત્રી કે પુરૂષ હોવાની સ્થિતિ અસર કરે છે.

2. મનોભારના પ્રમાણ ઉપર આક અને વયની સંયુકત અસર જોવા મળે છે.

3. મનોભારના પ્રમાણ ઉપર જાતિ અને વયની સંયુકત અસર જોવા મળે છે.

4. મનોભાર અને યવસાયિક સંતોષ વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળ્યો નથી.

**2.3.9 સંવેદનાત્મક અભિપ્રાયમાં ભાગીદારી, મધ્યસ્થ પરિવર્તન, આંતરિક વ્યસાયિક સંતોષ અને વ્યવસાયિક મનોભાર સાથેનો સંબંધાત્મક અભ્યાસ.**

**– ગીતા મહેતા** (1993)

નિદર્શ : ઉતરપ્રદેશમાં આવેલ મોટી ઈલેકટ્રોનીક કંપનીઓમાંથી 250 'બ્લુકોલર' કામદારોને પસંદ કરવામા આવ્યા હતા. મોટાભાગના ઉતરદાતાઓ ૩૫ વર્ષની ઉંમરના હતા. જેઓની માસિક આવક 1450 હતી. તેઓ સ્કુલથી માંડ સ્નાતક સુધીનો અભ્યાસ અને 10 થી 15 વર્ષનો અનુભવ ધરાવતા હતા.

સાધનો :
1. મનોવૈજ્ઞાનિક ભાગીદારી તુલા
2. કોલેજ શિક્ષક મનોભાર તુલા
3. વ્યવસાયિક સંતોષ તુલા

તારણો : 1. વ્યવસાયિક સંતોષ અને વ્યવસાયિક મનોભાર વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળ્યો હતો.

2. વ્યવસાયિક મનોભાર અને ભાગીદારીના સંવેદનાત્મક અભિપ્રાયના આંતરિક શરત સાર્થક જોવા મળી હતી.

**2.3.10 માધ્યમિક અને પ્રાથમિક શાળાના શિક્ષકોમાં વ્યવસાયિક સંતોષ અને વ્યવસાયિક સામેલગીરીનો અભ્યાસ.**

**– પી.પી.સોલંકી અને જે.એચ.ટાપરીયા** (2000)

નિદર્શ : પ્રસ્તુત અભ્યાસ નિદર્શ તરીકે 60 શિક્ષકો લીંબડી શહેરની વિવિધ શાળાઓમાથી લેવામાં આવ્યા હતા.

સાધનો :
1. વ્યવસાયિક સંતોષ તુલા
2. વ્યવસાય સામેલગીરી તુલા
2. વ્યવસાયિક સંતોષ તુલા

તારણો :1. માધ્યમિક શાળાના શિક્ષકોમાં પ્રાથમિક શાળાના શિક્ષકો કરતા વ્યવસાય સંતોષ વધુ જોવા મળ્યો હતો.

2. વ્યવસાય સંતોષને વ્યવસાયિક સામેલગીરી સાથે વિધાયક સહસંબંધ છે. જેમ વ્યવસાય સામેલગીરી વધારે તેમ વ્યવસાય સંતોષ વધારે જોવા મળે છે.

2.3.11 **કાપડ મીલમાં કામ કરતા કર્મચારીઓનો વ્યવસાયિક મનોભાર, વ્યવસાયિક સંતોષ અને વ્યકિતત્વ લક્ષણોનાં સંબંધમાં એક અભ્યાસ.**

**– નવિનકુમાર** (1987)

નિદર્શ : ગુજરાતમા આવેલી જુદા જુદા પ્રકારની કાપડ મીલોમાં કામ કરતા કર્મચારીઓમાંથી 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા 180 કર્મચારીઓને યદચ્છ પધ્ધતિથી પસંદ કરવામા આવ્યા હતા.

સાધનો : 1. વ્યવસાયિક સંતોષ તુલા

2. વ્યવસાયિક મનોભાર તુલા

3. વ્યકિત મનોભાર તુલા

તારણો :1. જુદી જુદી કાપડ મીલોમાં કામ કરતા કર્મચારીઓમાં વ્યવસાય મનોભારના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

2.વ્યવસાયિક મનોભારના સંદર્ભમાં ભુમિકાની અસર જોવા મળતી નથી.

3.અનુભવની વ્યવસાયિક મનોભાર કોઈ અસર જોવા મળતી નથી.

2.3.12**બેંક કર્મચારીઓનો વ્યવસાયિક સંતોષ અને વ્યવસાયિક મનોભારનો મનોવૈજ્ઞાનિક અને સામાજિક પરિવર્ત્યોના સંદર્ભમાં એક અભ્યાસ.**

**– સુધીર પટેલ** (1993)

નિદર્શઃ ઉતર ગુજરાતમાં આવેલ રાષ્ટ્રીયકૃત અને સહકારી બેંક કર્મચારીઓમાંથી 480 બેંક કર્મચારીઓનો નિદર્શ સમાવેશ કરવામાં આવ્યો હતો.

સાધનો : 1. વ્યવસાયિક સંતોષ તુલા

2. વ્યવસાયિકમનોભાર તુલા

તારણોઃ 1. સહકારી બેંક કર્મચારીઓ કરતા રાષ્ટ્રીયકૃત બેંક કર્મચારીઓ વધારે વ્યવસાયિક મનોભાર અનુભવે છે.

2. કલાર્કની કક્ષાના કર્મચારીઓ કરતા ઓફીસર કક્ષાના કર્મચારીઓ વધારે વ્યવસાયિક સંતોષ અનુભવે છે.

3. પાંચ વર્ષથી ઓછા અને દસ વર્ષથી વધુ અનુભવવાળા બેંક કર્મચારીઓ વચ્ચે સંતોષનાં સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

4. સ્નાતક અને તેનાથી વધુ અભ્યાસ કરેલ કર્મચારીઓ વચ્ચે વ્યવસાયિક

મનોભારનાં સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

2.3.13 **વ્યવસાયિક સંતોષ, ઉત્પાદકતા, ધંધાકિય દબાણ અને ધંધાકિય આબોહવા વિશે અભ્યાસ કર્યો છે.**

**– સ્મિથ અને ગીલબેથ** (1974)

નિદર્શઃ પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે 200 સુપરવાઈઝરોનો નમુનો લેવામા આવ્યો હતો.

સાધનો : 1. વ્યવસાયિક સંતોષ તુલા

2. ધંધાકીય દબાણનો સ્કેલ

3. ધંધાકીય આબોહવાનો સ્કેલ

તારણો : 1. ધંધાકીય આબોહવા અને વ્યવસાય સંતોષ વચ્ચે ઉંચો સહસંબંધ રહેલો છે.

2. ધંધાકીય દબાણ અને વ્યવસાયિક સંતોષ વચ્ચે નકારાત્મક સહસંબંધ રહેલો છે.

2.3.14 **વ્યવસાયિક સલગ્નતા અને વ્યવસાયિક સંતોષના એક પરિવર્ત્ય તરીકે ધંકાકીય દબાણનો અભ્યાસ કર્યો છે.**

**– પી.સી. મિશ્રા અને એ.પી. સીંગ** (1986)

નિદર્શઃ પ્રસ્તુત અભ્યાસમા નિદર્શ તરીકે 400 સુપરવાઈઝરોનો નમુનો લેવામા આવ્યો હતો.

સાધનો : 1. વ્યવસાયિક સંતોષ તુલા

2. ધંધાકીય દબાણનો સ્કેલ

તારણોઃ ધંધાકીય દબાણનો નિગમન કરતા વ્યવસાયિક સંલગ્નતા અને વ્યવસાયિક સંતોષનુ પણ નિગમન થાય છે.

2.3.15 **વ્યવસાય મનોભાર અને વ્યવસાયિક સંતોષ સાથે વ્યકિતત્વના ઘટકો સંબંધનો અભ્યાસ.**

**– જે. ભોરણીયા** (1986)

નિદર્શઃ પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે 100 સુપરવાઈઝરો વલ્લભ વિદ્યાનગરની એલીકોન, વલ્લભગ્લાસ ફેકટરીમાથી લેવામા આવ્યા હતા.

સાધનો : 1. વ્યવસાયિક સંતોષ તુલા

2. ધંધાકીય દબાણનો સ્કેલ

3. વ્યકિતત્વની કથનાવલી

તારણો : 1. ધંધાકીય દબાણ વધે તો વ્યવસાય સંતોષ ઘટે.

2. વ્યવસાયિક સંતોષને સામાજિકતા, સ્વતંત્રતા, સ્વવિશ્વાસ, સ્થિરતા જેવા વ્યકિતત્વ ઘટકો સાથે સંબંધ છે.

**2.3.16 સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વ્યવસાય સંતોષનો અભ્યાસ.**

**– ટી.બી.ચાવડા અને જે. ટાપરીયા** (2000)

નિદર્શઃ પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે 60 કર્મચારીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના વિવિધ શૈક્ષણિક વિભાગોમાથી લેવામા આવ્યા હતા.

સાધનો : 1. વ્યવસાય સંતોષ તુલા

તારણો : 1. શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓમા વ્યવસાય સંતોષની બાબતમાં તફાવત જોવા મળ્યો નથી.

2. વ્યવસાય સંતોષ હોદા સાથે સાર્થક સંબંધ છે. જેમ હોદો ઉચો તેમ વ્યવસાય સંતોષ પણ ઉચો જોવા મળ્યો છે.

**2.3.17 સંગઠનાત્મક ભુમિકા દબાણ, ચિંતા અને વ્યવસાય સંતોષનો અભ્યાસ.**

**– સાગર શર્મા અને ઉમા શર્મા**

નિદર્શઃ પ્રસ્તુત અભ્યાસમા નિદર્શ તરીકે ગવર્નમેન્ટ સેક્રેટરીએટ સંચાલનમાં કામ કરતા 155 કર્મચારીઓને બે જુથમાં લીધેલા એક જુથમા 71 ગેઝેટેડ ઓફીસરો જયારે બીજા જુથમાં 84 નોન ગેઝેટે ઓફીસરો લેવામા આવ્યા હતા.

સાધનો : 1. સંગઠનાત્મક ભુમિકા દબાણ તુલા

2. સામાન્ય ચિંતા તુલા

3. વ્યવસાયિક સંતોષ તુલા

4. વ્યવસાયિક ચિંતા

તારણો : 1. સંગઠનાત્મક ભુમિકા દબાણનો સામાન્ય ચિંતા અને કાર્ય ચિંતા સાથે વિધાયક સહસંબંધ જોવા મળ્યો.

2. ઉચી કાર્યકક્ષાએ ઉચા સંગઠનાત્મક દબાણ સાથે વ્યવસાયિક સંતોષ સંકળાયેલો છે.

3. ઉચ્ચ સામાન્ય વ્યવસાયિક ચિંતાનો નીચા વ્યવસાયિક સંતોષ સાથે સંબંધ છે.

2.3.18 **ખાનગી અને જાહેર માધ્યમિક શાળાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ તપાસવો.**

**– સુર્યકુમાર શ્રીવાસ્તવ** (1982)

નિદર્શ : પ્રસ્તુત અભ્યાસનો નિદર્શ તરીકે 160 શિક્ષકોનો નમુનો લીધો હતો. કાનપુર શહેરની શાળાઓ માંથી 100 પુરૂષ શિક્ષકો અને 60 સ્ત્રી શિક્ષકો લેવામા આવ્યા હતા.

સાધનો : 1. વ્યવસાયિક સંતોષ તુલા

તારણો :1. જાહેર માધ્યમિક શિક્ષકો કરતા ખાનગી માધ્યમિક શાળાના શિક્ષકોમાં વ્યવસાય સંતોષ વધારે જોવા મળે છે.

2. પરણિત કરતા અપરણિત શિક્ષકોમાં વ્યવસાય સંતોષ વધુ જોવા મળેલ છે.

3. વધારે અનુભવ ધરાવતા શિક્ષકોમા વ્યવસાય સંતોષ પ્રમાણ પણ વધારે જોવા મળેલ છે.

2.3.19 **કામદાર સ્ત્રીઓમાં વ્યવસાયિક સંતોષનો અભ્યાસ.**

**– એસ. કે. અગ્રવાલ** (1979)

નિદર્શ : પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે 115 પ્રયોજયોનો નમુનો લીધેલ. જેમા 60 શૈક્ષણિક વ્યવસાયિક સ્ત્રીઓ અને 55 બેંક વ્યવસાયિક સ્ત્રીઓ પસંદ કરવામાં આવી હતી.

સાધનો : 1. વ્યવસાયિક સંતોષ તુલા

તારણો :1. બેંક કામદાર સ્ત્રીઓ કરતા શૈક્ષણિક કામદાર સ્ત્રીઓ વધુ વ્યવસાયિક સંતોષ અનુભવતા જોવા મળ્યા હતા.

2. સ્ત્રીઓ વ્યવસાય સંતોષ માટે વ્યવસાયમાં સલામતી ઉપર વધારે ભાર મુકે છે.

2.3.20 **સંયુકત ક્ષેત્રની સંસ્થામાં કામ કરતા કર્મચારીઓનો સંગઠન પ્રતિબધ્ધતા અને વ્યવસાય સંતોષના સંદર્ભમાં એક અભ્યાસ.**

**– પટેલ** (1994)

નિદર્શ : વડોદરાની 'ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ લીમીટેડ' નામની એક સંયુકત ક્ષેત્રની સંસ્થામાંથી 18 કર્મચારીઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

સાધનો : 1. કાર્ય સંતોષ તુલા

2. સંગઠન પ્રતિબધ્ધતા તુલા

3. વ્યકિતગત માહિતી પત્રક

આંકડાકીય પૃથ્થકરણ : અહીં માહિતી વિશ્લેષણ માટે સહસંબંધ અને 'ટી' કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તારણો : 1. વ્યવસાય સંતોષ અને સંગઠન પ્રતિબધ્ધતા વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળ્યો હતો.

2. યુનિયનની સામેલગીરીને વ્યવસાય સંતોષ અને સંગઠન પ્રતિબધ્ધતા સાથે નિષેધક સાર્થક નિષેધક સહસંબંધ જોવા મળ્યો હતો.

3. અનુભવની અવધિ અને આવક વ્યવસાય સંતોષ માટે સૂચક પરિવર્ત્યો છે. પરંતુ તેનાથી સંગઠન પ્રતિબધ્ધતામાં કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નથી.

2.3.21 **સંયુકત અને ખાનગી ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓની સંગઠન પ્રતિબધ્ધતા અને વ્યવસાય સંતોષના સંદર્ભમાં એક અભ્યાસ.**

– **રાવલ** (1994)

નિદર્શ: વડોદરાની એક સંયુકત ક્ષેત્રની સંસ્થા તથા પોરબંદરની એક ખાનગી સંસ્થાના કુલ મળીને 240 કર્મચારીઓને યદચ્છ રીતે પસંદ કરી તેમના પર એક તુલનાત્મક અભ્યાસ કરવામાંઆવ્યો હતો.

સાધનો : 1. વ્યવસાય સંતોષ તુલા

2. સંગઠન પ્રતિબધ્ધતા તુલા

3. વ્યકિતગત માહિતી પત્રક

આંકડાકીય પૃથ્થકરણ : અહીં માહિતી વિશ્લેષણ માટે વિચરણ પૃથ્થકરણ, ટી કસોટી, સહસંબંધ અને રીગ્રેશન પૃથ્થકરણ જેવી કસોટીનો ઉપયોગ કરવામા આવ્યો હતો.

તારણો : 1. ઓછો વ્યવસાય સંતોષ અને વધુ વ્યવસાય સંતોષ ધરાવતા કર્મચારીઓની સંગઠન પ્રતિબધ્ધતાના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

2. વિવિધ નોકરીની અવધિ ધરાવતા કર્મચારીઓની સંગઠન પ્રતિબધ્ધતાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો. સંસ્થાના પ્રકાર અને વ્યવસાય સંતોષની આંતરક્રિયાને સંગઠન પ્રતિબધ્ધતા પર સાર્થક અસર જોવા મળી હતી.

3. સંગઠન પ્રતિબધ્ધતા પર કાર્યસંતોષની 23% જેટલી વિધાયક અસર જોવા મળી હતી.

**2.3.22 શિક્ષકની અસરકારકતાનો સંસ્થાકિય વાતાવરણ, વ્યવસાય સંતોષ અને કેટલાક અન્ય પરિવર્ત્યોના સંદર્ભમા એક અભ્યાસ.**

**– પટેલ** (1983)

નિદર્શ: વડોદરાની જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના 362 શિક્ષકો અને 155 શિક્ષિકાઓ આમ કુલ 517 શિક્ષકોની સ્તરિકૃત યદચ્છ નમુના પધ્ધતિ ધ્વારા પસંદગી કરવામા આવી હતી.

સાધનો : 1. સંસ્થાકિય વાતાવરણ તુલા

2. શિક્ષકોની અસરકારકતા તુલા

3. વ્યકિતગત તુલા

આંકડાકીય પૃથ્થકરણ: અહીં માહિતી વિશ્લેષણ માટે વિચરણ પૃથ્થકરણકસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તારણો : 1. મુકત વાતાવરણ ધરાવતી શાળાઓમાં સંસ્થાકિય સ્વાસ્થ્યની બાબતમાં વિવિધ સ્ત્રોતોની ઉપયોગીતા, સંઘશકિત અનુ જુથ જોમનું પ્રમાણ વધુ ઉચુ જોવા મળ્યુ હતુ.

2.મુકત વાતાવરણ વાળી શાળાઓમાં વિકાસ અને પરિવર્તનશીલતાના વ્યવસાયિક સંતોષના પાસાઓનું પ્રમાણ ઘણું ઉચુ જોવા મળ્યુ હતુ.

3. ઉચુ સંસ્થાકિય સ્વાસ્થ્ય ધરાવતી શાળાઓમા શિક્ષકોનું નીચુ સંસ્થાકિય સ્વાસ્થ્ય ધરાવતી શાળાઓના શિક્ષકો કરતા વધુ અસરકારકતા જોવા મળી હતી.

**2.3.23 માનસિક સ્વાસ્થ્ય, વ્યવસાય સંતોષ અને સંગઠન પ્રતિબધ્ધતાના સંદર્ભમાં એક અભ્યાસ.**

**– પટનાયક, શર્મા** (1993)

નિદર્શ: ઓરીસ્સા રાજયની એક ઔદ્યોગિક સંસ્થાના કુલ 240 કર્મચારીઓને યદચ્છ રીતે પસંદ કરી અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ નમુનામાં સંસ્થાના જુદા જુદા વિભાગમાથી 120 અને સર્વિસ વિભાગોમાથી 120 કર્મચારીઓને પસંદ કર્યા હતા

સાધનો : 1. કાર્ય સંતોષ તુલા

2. સંગઠન પ્રતિબધ્ધતા તુલા

3. વ્યકિતગત માહિતી પત્રક

આંકડાકીય પૃથ્થકરણ : અહીં માહિતી વિશ્લેષણ વિચરણ પૃથ્થકરણ અને મલ્ટીપલ કસોટી

ધ્વારા કરવામાં આવ્યુ હતુ.

તારણો : 1. સુપરવાઈઝરોમાં અન્ય કર્મચારીઅની તુલના અસહાય લાગણી, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, કાર્ય દબાણ ઉંચુ પ્રમાણ અને નીચી સંગઠન પ્રતિબધ્ધતા જોવા મળી હતી.

2. ઉત્પાદન વિભાગના સુપરવાઈઝરો અસહાયની લાગણી, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ સૌથી વધ પ્રમાણમાં ધરાવતા હતા તેમજ વ્યવસાય સંતોષનું નીચુ પ્રમાણ ધરાવતા હતા.

3. સર્વિસ એકમના કર્મચારીઓ સંગઠન પ્રતિબધ્ધતામાં સૌથી આગળ હતા. જયારે અસહાયતાની લાગણી અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ઓછી જોવા મળી હતી.

4. વ્યવસાય સંતોષની આગાહી કરવા માટે અસહાયતાની લાગણી અને માનસિક સ્વાસ્થ્ય સાર્થક પરિવર્ત્યો તરીકે જોવા મળ્યા હતા.

**2.3.24કાપડ મિલના કામદારોમા સંસ્થાકિય વાતાવરણ અને વ્યવસાયિક સંતોષની જરૂરતનો વ્યવસાય સામેલગીરી સાથેનાં સંબંધન એક અભ્યાસ.**

– **શ્રીવાસ્તવ** (1996)

નિદર્શ : 40 અધિકારીઓ, 50 નિરીક્ષકો અને60 કારીગરો એમ કુલ મળી 150 મિલ કર્મચારીઓનો નિદર્શમા સમાવેશ કરવામા આવ્યો હતો.

સાધનો : 1. કાર્ય સામેલગીરી તુલા

2. સંસ્થાકિય વાતાવરણ તુલા

3. વ્યવસાયિક સંતોષ તુલા

તારણો : 1. વ્યવસાય સંતોષ અને કાર્ય સામેલગીરી સાથે વિધાયક સહસંબંધ જોવા મળે છે.

2. ઉચ્ચ કક્ષાની જરૂરતોને (સ્વમાન, સ્વરાજય અને વ્યવહારિકતા) પણ કાર્ય સામેલગીરી સાથે વિધાયકસહસંબંધ જોવા મળે છે.

**2.3.25 સરકારી અને ખાનગી માધ્યમિક શાળાઓમાં સંસ્થાકિય વાતાવરણનો તુલનાત્મક અભ્યાસ**

– **અમરનાથ** (1980)

નિદર્શ : જલંધર જિલ્લાના 32 માધ્યમિક શાળાઓના આચાર્યો અને દરેક શાળામાથી ઓછામાં ઓછા એક શિક્ષક તરીકે કુલ 64 નું નિદર્શ લેવામા આવ્યુ હતુ.

સાધનો : 1. સંસ્થાકિય વાતાવરણ વિવરણ તુલા

2. શિક્ષક વ્યવસાય સંતોષ તુલા

આંકડાકીય પૃથ્થકરણ : અહીં માહિતી વિશ્લેષણ માટે વિચરણ પૃથ્થકરણ અને 'ટી'કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તારણો : 1. એક સમુહ તરીકે ખાનગી અને સરકારી શાળાના સંસ્થાકિય વાતાવરણમાં તફાવત નથી. પરંતુ દરેક શાળામાં સંસ્થાકિય વાતાવરણ જુદુ જુદુ હતું. આચાર્ય અને શાળાના શિક્ષકોના વ્યકિતત્વમાં રહેલ તફાવતોને આધારિત હતું.

2. બન્ને પ્રકારની શાળાના આચાર્ય અને શિક્ષકોના વ્યવસાય સંતોષ અને સંસ્થાકિય વાતાવરણ વચ્ચે કોઈ મહત્વ ન હતુ.

3. સંસ્થાકિય સ્વાસ્થ્યની વ્યવસાય સંતોષ ઉપર કોઈ અસર પડતી નથી.

## 2.4 જીવન સંતોષ અંગે પુર્વે થયેલા અભ્યાસો :–

જીવન સંતોષ અંગેના પુર્વે થયેલા અભ્યાસ નીચે મુજબ છે. પરંતુ તેની પહેલા મનોવૈજ્ઞાનિકોએ પોતાના અભ્યાસ દરમિયાન જે તારણો આપેલા છે તેનો ઉલ્લેખ અહી કર્યો છે.

ફ્રોઈડ (1950) માં (Beyond Pleasure Principle)માં જણાવ્યુ છે કે "જીવનનું અંતિમ લક્ષ્ય સુખ સંતોષ છે" તેમણે જણાવ્યુ છે કે સુખ–અસુખની લાગણી ઉતેજનાના જથ્થા સાથે સંબંધ ધરાવે છે. ઉતેજનના વધારા સાથે અસુખ અને ઘટાડા સાથે સુખની લાગણી સંકળાયેલી છે.

Grings Willian W. (1963 – Theories in contemporary Psychology) માં જણાવ્યુ છે કે સંતોષ કે અસંતોષની લાગણી વધારે તેમ અનુબંધની મજબુતી કે નબળાઈ પણ વધારે સુખદ સંતોષની લાગણી એટલે એવી પરિસ્થિતિ કે જેને ટાળવા માટે પ્રાણી કંઈ કરતુ નથી પરંતુ તે લાગણીને જાળવી રાખવા પ્રયત્ન કરે છે.

થોર્નડાઈકે (1919)(Selected Writings from a connectionists Psychology) માં સંતોષકો અને અસંતોષકો વિશેના ખ્યાલની ચર્ચા કરી છે.

(Kaungo & mendonca (1944) એ Principle of content માં કર્મચારીઓના સંતોષ સાથે તેમની કાર્યપ્રેરણા સંબંધની બાબતને દર્શાવી છે.

આ ઉપરાંત જીવન સંતોષ અંગેના અન્ય અભ્યાસો અલગ – અલગ પરિવર્ત્યોના આધારે થયેલા છે. જેમા ....

સિંઘ અને સિંઘ (1995) માનસિક સ્વાસ્થ્ય અને જીવનસંતોષ અંગેના અભ્યાસ.

શ્રીવાસ્તવ (1996) સંસ્થાકિય વાતાવરણ અને સંતોષની જરૂરીયાતોનો કાર્ય સામેલગીરી સાથેનો સંબંધ અંગેનો અભ્યાસ.

ખાન અને દેવી (1999) નો જીવનસંતોષ અને હેલ્પેનેશ અંગેનો અભ્યાસ.

આમ, જીવન સંતોષ અંગેના વિવિધ અભ્યાસો ઉલ્લેખનીય છે.

2.4.1 **B. M. Vaghasiya (1998)**

(A Impact if certain Demographic Variables of Textile Employs on Mental Health And Life Satisfaction.)

તારણો :– વિભકત કુટુંબમાં રહેતા કર્મચારી કરતા સંયુકત કુટુંબમાં રહેતા કર્મચારીઓમાં જીવન સંતોષ ઉચો જોવા મળે છે. અનુભવ અને કુટુંબના પ્રકારમાં જીવન સંતોષ વચ્ચે સાર્થક તફાવત નથી. જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે.

2.4.2 સુનિતા મલ્હોત્રા અને વૈશાલી ગુપ્તા (2004) પ્રસ્તુત અભ્યાસમાં 120 ડોકટરોની વ્યવસાય સામેલગીરી અને જીવન સંતોષનો અભ્યાસ કરવાનો હતો.

તારણો :– વ્યવસાય સામેલગીરી અને જીવનસંતોષ વચ્ચે વિધાયક સંબંધ જોવા મળે છે.

2.4.3 સિંઘ અને સિંઘ (1995)

પ્રસ્તુત અભ્યાસ કર્મચારીઓનો જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ કરવાનો હતો.

તારણો :– કાપડ મિલમાં કામ કરતા મેનેજરોમાં જીવન સંતોષનું પ્રમાણ ઉચુ જોવા મળે છે. કર્મચારીઓના જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળે છે.

2.4.4શ્રીવાસ્તવ (1996)

કાપડમિલમા કામદારોમા સંસ્થાકિય વાતાવરણ અને સંતોષની જરૂરતોનો કાર્યસામેલગીરી સાથેનો સંબંધ.

તારણો :– ઉચ્ચકક્ષાની જરૂરતો સ્વમાન, સ્વરાજય અને સ્વ વ્યવહારિકતાના સંતોષનો પણ કાર્યસામેલગીરી સાથે વિધાયક સંબંધ જોવા મળે છે.

2.4.5 લક્ષ્મીનારાયણન(1990)ના સંશોધન પ્રમાણે રહેઠાણ, ઉમર, કાર્યનો પ્રકાર, માસિક આવક અને શિક્ષણનું સ્તર જીવન સંતોષને નકકી કરવામા અગત્યના પાસા છે.

2.4.6 મોહન અને બાલી (1988)

ડોકટરનાં જીવન સંતોષના સંદર્ભમાં વ્યકિતત્વ મુલ્યો અને નિયંત્રણ કેન્દ્રનો અભ્યાસમાં

જેઓને જીવનસંતોષ ઉચો જોવા મળ્યો હતો. તેવા ડોકટરો અને જીવનસંતોષ નીચો જોવા મળ્યો હતો. તે બન્ને વચ્ચેના વ્યકિતત્વ અને મુલ્યોમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

જે ડોકટરોનો જીવનસંતોષ ઉચો હતો તેઓનું નિયંત્રણ કેન્દ્ર આંતરિક જોવા મળે છે. જે ડોકટરોનો જીવન સંતોષ નીચો મળ્યો હતો તેઓનું નિયંત્રણ કેન્દ્ર બાહય જોવા મળે છે.

2.4.7 ડો. અનંત એમ. વસાણી

"રાજકોટ શહેરના કન્ડકટરો અને ડ્રાઈવરોના જીવનસંતોષ અંગેનો મનોવૈજ્ઞાનિક તુલનાત્મક અભ્યાસ."

તારણો :–

(1) રાજકોટ શહેરના કન્ડકટરો અને ડ્રાઈવરોના જીવનસંતોષ પર જાતિની અસર પડતી નથી.

(2) રાજકોટ શહેરના કન્ડકટરો અને ડ્રાઈવરોના જીવનસંતોષ પર રહેઠાણની અસર પડતી નથી.

(3) રાજકોટ શહેરના કન્ડકટરો અને ડ્રાઈવરોના જીવનસંતોષ પર ઉમરની અસર પડતી નથી.

2.4.8 કારાવદરા ભિની એમ.

"ભારતીય જીવન વિમા નિગમના કર્મચારીઓના જીવન સંતોષનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ."

તારણો :–

(1) કર્મચારીઓના જીવન સંતોષ પર જાતિની અસર જોવા મળતી નથી.

(2) કર્મચારીઓના જીવન સંતોષ પર શૈક્ષણિક લાયકાતની અસર જોવા મળતી નથી.

(3) કર્મચારીઓના જીવન સંતોષ પર કૌટુંબિક દરજજાની અસર જોવા મળતી નથી.

2.4.9 પ્રો. એ. એમ. ચોચા (2003)

" વેરાવળ તાલુકાના ભિન્ન પ્રકારના વ્યવસાયમા રોકાયેલા સ્વાધ્યાયીઓના જીવનમાં જીવન સંતોષનો એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ"

તારણ :– આ સંશોધન દર્શાવે છે કે સ્વાધ્યાયી નોકરીયાત હોય કે વ્યવસાયી હોય, તેથી તેના જીવન સંતોષમા કોઈ નિર્ણાયકફેર પડતો નથી.

2.4.10 મિતાબેન એચ. ધનેશા (2008)

"રાજકોટ જિલ્લાના બી. એસ. એન. એલ.ના કર્મચારીના જીવન સંતોષ, સંસ્થાગત

પર્યાવરણ અને વ્યવસાય સામેલગીરીનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ''

2.4.11શીર્ષક : જુનાગઢ જિલ્લાના સોલવન્ટ પ્લાન્ટના વર્કર્સના જીવન સંતોષનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ.

સંશોધક : કિરન એમ. નિમ્બાર્ક

પ્રકાશન : 2005, એબસ્ટ્રેકટ નેશનલ કોન્ફરન્સ, મનોવિજ્ઞાન ભવન, રાજકોટ.

નિદર્શ : 80

સાધનો : જીવન સંતોષ તુલા, આલમ અને શ્રીવાસ્તવ

માહિતી વિશ્લેષણ : 'ટી' કસોટી વડે કરેલ હતુ.

તારણો : જાતિના સંદર્ભમાં સોલવન્ટ પ્લાન્ટના વર્કરોના માહિતી વિશ્લેષણ જીવન સંતોષમાં તફાવત જોવા મળે છે.

2.4.12 જેતપુર સાડી ઉદ્યોગનાં કર્મચારીઓની કાર્યસામેલગીરી, જીવન સંતોષ અને હતાશાના સંદર્ભમાં અધ્યયન.

સંશોધન : બી.એમ.વઘાસીયા

પ્રકાશન : 2006, એબસ્ટ્રેકટ, સૌરાષ્ટ્ર મનોવિજ્ઞાન મંડળ રાજકોટ.

નિદર્શ : 240 કર્મચારીઓ

સાધનો : જીવન સંતોષ – આલમ અને શ્રીવાસ્તવ રચિત

માહિતી વિશ્લેષણ : F ANOVA કસોટી વડે કરેલ હતુ.

તારણોઃ કાર્યનો પ્રકાર અને કારખાનાના કદની તેમના જીવન સંતોષ પર અસર જોવા મળી હતી. જયારે તેની સંયુકત અસર તેમના જીવન સંતોષ પર જોવા મળી ન હતી.

2.4.13 શીર્ષક : જુદા જુદા વ્યવસાયોમાં સ્ત્રીઓના સંતોષ અને તંગદીલી માટેનું પ્રમાણ.

સંશોધક : એ.એમ.અને એસ.આર.એલ.એમ.

પ્રકાશન : 2006

નિદર્શ : 120 સ્ત્રીઓ, જેમા 30 વકીલ, 30 એન્જિનિયર અને 60 કલાર્ક હતી.

સાધનો : જીવનસંતોષ કસોટી, બનાર્ડ એ. ગોરમેનરીમાં ફેરફાર કરી નવી જીવન સંતોષ માપન સંશોધનિકા.

માહિતી વિશ્લેષણ : મધ્યક કસોટી વડે કરેલ હતુ.

તારણો : વકીલ, એન્જિનિયર અને કલાર્ક આ ત્રણ દરજજાની સ્ત્રીઓમાં સંતોષ.

2.4.14 શીર્ષક : રાજકોટ જિલ્લાના બી.એસ.એન.એલ.ના કર્મચારીઓના જીવન સંતોષ, સંસ્થાગત, પર્યાવરણ અને વ્યવસાય સામેલગીરીનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ.

સંશોધક : મિતા એચ.ધનેશા

પ્રકાશન : 2008

નિદર્શ :480 કર્મચારીઓ

સાધનો : જીવન સંતોષ તુલા– આલમ અને શ્રીવાસ્તવ રચિત

માહિતી વિશ્લેષણ : F, r અને t કસોટી વડે કરેલ હતુ.

તારણો :(1) કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત, કાર્યનો વિભાગ, માસિક આવક અને સંસ્થાના વાતાવરણની અલગ અને સંયુકત અસર તેના જીવન સંતોષ પર પડતી નથી.

(2)કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત, નોકરીનો અનુભવ, માસિક આવક અને લગ્ન દરજજાનો તેના જીવન સંતોષમાં તફાવત જોવા મળે છે.(3)જયારે કુટુંબનો પ્રકાર, રહેઠાણ, કુટુંબના સભ્યોની સંખ્યા, વ્યવસાયમાં કાયમી રહેવાની ઈચ્છા અને અનિચ્છા, ફુરસદના સમયની સંતોષપ્રદતા તેમજ શોખનો તેમના જીવનસંતોષમાં તફાવત જોવા મળતો નથી.

2.4.15 કંડકટરો અને ડ્રાઈવરોના જીવનસંતોષનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ. સંશોધક : જે. વી. મોરી પ્રકાશન : 2008, National Level Conference S. P. University.નિદર્શ : 60 સાધનો : જીવન સંતોષ તુલા – આલમ અને શ્રીવાસ્તવ રચિત. માહિતી વિશ્લેષણ : t કસોટી વડે કરેલ હતુ. તારણો : કંડકટરો અને ડ્રાઈવરોની ઉંમર અને રહેઠાણના સંદર્ભમાં તેના જીવન સંતોષમાં તફાવત નથી.

2.4.16 જુદો–જુદો વ્યવસાય કરતા લોકોની સુચનવશતા, સમાયોજન અને જીવન સંતોષનો તુલનાત્મક મનોવૈજ્ઞાનિક અભ્યાસ. સંશોધક : નીતા એલ. કાછડીય. પ્રકાશન : 2008, Ph. D. Thesis, Saurashtra University

નિદર્શ : 300 સાધનો : જીવનસંતોષ તુલા – આલમ અને શ્રીવાસ્તવ રચિત.માહિતી વિશ્લેષણ : F અને r કસોટી વડે કરેલ હતુ.

તારણો : (1) ખાનગી નોકરીયાતોના જીવન સંતોષ અને સમાયોજન વચ્ચે નહિવત સહસંબંધ તેમજ સરકારી નોકરીયાતોના જીવન સંતોષ અને સમાયોજન વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળેલ છે.

(2) જયારે જાતિ, વ્યવસાયનો પ્રકાર, (ખેડુત, ખાનગી અને સરકારી નોકરીયાત)ની અલગ અને સંયુકત અસર જોવા મળેલ નથી.

2.4.17 શીર્ષક :સરકારી ખાતાના અધિકારીઓમાં આર્થિક સાંવેદનિક બુધ્ધિનો માનસિક સુખાકારી, વિકૃત ચિંતા, ખિન્નતા અને જીવન સંતોષ પર પડતા પ્રભાવનો અભ્યાસ. સંશોધક : મદનાવત, સીંગ અને ભારધ્વાજ – રાજસ્થાન. પ્રકાશન : 2007 Gujarat Journal if Psychology Vol. P21 નિદર્શ : 240 સહકારી બેંક અને PLD

બેન્કના અધિકારીસાધનો : જીવનસંતોષ તુલા – આલમ અને શ્રીવાસ્તવ રચિત (1983) સાંવેદનિક બુધ્ધિકસોટી (2001) કોહન વીગઅને પ્રસાદ રચીત. તારણો : ચિંતા અંગે નિમ્ન બૌધ્ધિક સંવેદના ધરાવતા પાત્રો વચ્ચે ખિન્નતા, જીવન સંતોષ અને સ્વાસ્થ્યની બાબતમાં સંગીન ભેદ હતો.

2.4.18 શીર્ષક : સહકારી ખાતાના નાયબ અને સહાયક રજીસ્ટ્રારના વ્યાવસાયિક મનોભાર, હતાશા, કાર્યમમત્વ અને જીવનસંતોષનો તુલનાત્મક અભ્યાસ. સંશોધક : મદનાવત, ભારધ્વાજ, સિસોદીયા અને કછવા. પ્રકાશન : 2008 Behavioral Scientist.

નિદર્શ : સહકારી બેંકો, નહેરુ સહકારી ભવન વગેરેના 200 કર્મચારીઓના બે જુથો. સાધનો : જીવનસંતોષ તુલા. માહિતી વિશ્લેષણ : tકસોટી વડે કરેલ હતુ. તારણો : બન્ને પ્રકારના રજીસ્ટ્રારો જીવનસંતોષ ધરમૂળથી જ જુદો છે.

ઉપરોકત અભ્યાસોની ચર્ચા કર્યા બાદ પ્રકરણ – 3 માં સંશોધન હેતુઓ, યોજના, ઉત્કલ્પનાઓ અને પ્રક્રિયા અને પૃથ્થકરણની ચર્ચા કરવામાં આવશે.

2.4.19 પરમજીત કૌર અને કુમાર (1993)ના અભ્યાસના તારણો મુજબ સામાજિક આર્થિક દરજજા અને જીવન સંતોષની કક્ષા વચ્ચે વિધાયક સંબંધ જોવા મળે છે. તેમજ સામાજિક આર્થિક સ્તરની મનોભાર પર સાર્થક અસર જોવા મળે છે.

તારણ : સામાજિક, આર્થિક દરજજો અને જીવન સંતોષ વચ્ચે વિધાયક સંબંધ જોવા મળે છે.

2.4.20 એક વર્થમૂર્તિ અને ચડ્ડા (1993) નાં અભ્યાસનું તારણ દર્શાવે છે. કે નિવૃતિના સમયની અસર વ્યકિતના જીવન સંતોષ પર થાય છે. પુર્વ નિવૃતિ લોકોમાં હતાશા અને નિરાશાનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. જયારે તેઓ ઉચો જીવન સંતોષ અને સામાજિક આધાર જોવા મળ્યો હતો.

તારણ : સ્ત્રીઓમા જીવન સંતોષનું પ્રમાણ ઉચુ જોવા મળે છે.

2.4.21 ઉષાશ્રી અને સુનંદા (1989) ના અભ્યાસનું તારણ એ દર્શાવે છે કે સ્ત્રીઓમાં જીવન સંતોષનું પ્રમાણ ઉચુ જોવા મળે છે. આ તારણને વર્મા (1991) ના અભ્યાસનું પણ સમર્થન મળે છે.

તારણ : સ્ત્રીઓમા જીવન સંતોષનું પ્રમાણ ઉચુ જોવા મળે છે.

2.4.22 શ્રીવાસ્તવ અને મોહન (1990) ના અભ્યાસનું તારણ એ દર્શાવે છે કે રહેઠાણના

વ્યકિતત્વ અને જીવન સંતોષ પર સાર્થક અસર જોવા મળે છે. નવી કોલોનીમા રહેતા લોકોના વ્યકિતત્વ અને જીવન સંતોષમા સાર્થક તફાવત જોવા મળે છે.

2.4.23 Chadha & Easwarmoorthy (1993): “A Study on some psycho socio-aspects if elderly in relation to their pre-retirement, retirement and post-retirement”ના અભ્યાસનું તારણમાં જોવા મળ્યુ છે કે જુથના લોકોમાં અન્ય જુથની તુલનામાં હતાશા અને નિરાશાનું પ્રમાણ ઓછુ જોવા મળ્યુ હતુ અને પુર્વ નિવૃતિનાં લોકોમાં ઉચો જીવન સંતોષ અને સામાજિક આધાર અન્ય જુથ કરતા વધારે જોવા મળ્યો હતો.

2.4.24 Laxmi narayan and malti (1990): “Comparison if lankly aged and Couples: A Study in rural setting”નું તારણમાં ગ્રામ્ય વિસ્તારના એકલા વૃધ્ધો કરતા વૃધ્ધ દંપતિમા જીવન સંતોષનું પ્રમાણ વધારે જોવા મળ્યુ હતુ.

તારણ : શહેરી વિસ્તારના વૃધ્ધ પુરૂષોમાં ગ્રામ્ય વિસ્તારના વૃધ્ધો કરતા વધુ જીવન સંતોષ જોવા મળે છે.

2.4.25 બી. એમ. વઘાસીયા (1988) કાપડ મિલના કર્મચારીઓના કેટલાક ડેમોગ્રાફીક પરિવર્ત્યોથી તેમના માનસિક સ્વાસ્થ્ય અને જીવનસંતોષ પર થતી અસરનો એક અભ્યાસનું તારણમા વિભકત કુટુંબમા રહેતા કર્મચારીઓ કરતા સંયુકત કુટુંબમાં રહેતા કર્મચારીઓમાં જીવન સંતોષ ઉચો જોવા મળે છે.

2.4.26 શ્રીવાસ્તવ (1996) કાપડ મિલના કામદારોમાં સંસ્થાકિય વાતાવરણ અને સંતોષની જરૂરતોનો કાર્યસામેલગીરી સાથેના સંબંધોના અભ્યાસ તારણો સંસ્થાકિય વાતાવરણ કાર્યસામેલગીરી વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળે છે. ઉચ્ચ કક્ષાની જરૂરતો સ્વમાન સ્વરાજય અને સ્વવ્યવહારિકતાના સંતોષનો પણ કાર્યસામેલગીરી સાથે વિધાયક સહસંબંધ જોવા મળે છે.

તારણ : જીવન સંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળે છે.

2.4.27 ખાન અને દેવી (1999) વ્યવસાયી અને બિન વ્યવસાયી સ્ત્રીઓ જીવન સંતોષ અને હેલ્પનેસ અંગે અભ્યાસમા વ્યાવસાયિક સ્ત્રીઓમાં બિન–વ્યાવસાયિક સ્ત્રીઓના પ્રમાણમાં જીવન સંતોષનું પ્રમાણ વધુ જોવા મળ્યુ હતુ. જુથમા કાર્ય કરતી સ્ત્રીઓ વધારે અસહાયતાની લાગણી અનુભવતી હતી.

તારણ : વ્યવસાયી સ્ત્રીઓમાં જીવન સંતોષ વધુ જોવા મળે છે.

## 2.5 માનસિક સ્વાસ્થ્ય અંગે પુર્વે થયેલા અભ્યાસો :–

2.5.1 શીર્ષક :– ગુજરાત અંબુજા સીમેન્ટ લીમીટેડ કંપની, કોડીનારના કર્મચારીના માનસિક સ્વાસ્થ્ય, કાર્ય સામેલગીરી અને કાર્ય સંતોષનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ. સંશોધક : એ.એમ. ચોચા પ્રકાશન : 2003, Ph. D. Thesis, saurashtra

University રાજકોટ. નિદર્શ : 450 કર્મચારીઓ સાધનો : માનસિક સ્વાસ્થ્ય માપન તુલા ડો. ડી.જે.ભટ્ટ અને કુ. ગીતા ગીડા રચિત. માહિતી વિશ્લેષણ F,

r અને t કસોટી વડે કરેલ હતુ. તારણો :(1) કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત અને માનસિક તાણના સંદર્ભમાં તેના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળે છે. (2) જયારે ઉંમર, નોકરીનો અનુભવ, માસિક આવક, કૌટુંબિક દરજજો એ ચિંતાના સંદર્ભમાં તેના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળેલ નથી.

2.5.2 શીર્ષક :– ગુજરાત ભારે રસાયણ લીમીટેડ કંપની, વેરાવળના કર્મચારીઓના સમાયોજન, માનસિક સ્વાસ્થ્ય અને કાર્ય સંતોષનો અભ્યાસ. સંશોધક : શાંતા સોલંકી પ્રકાશન : 2002, Ph. D. Thesis, saurashtra

University રાજકોટ. નિદર્શ : 660કર્મચારીઓ સાધનો : માનસિક સ્વાસ્થ્ય માપન તુલા ડો. ડી. જે.ભટ્ટ અને કુ. ગીતા ગીડા રચિત. માહિતી વિશ્લેષણ : F, r અને t કસોટી વડે કરેલ હતુ.

તારણો :(1)અહી કર્મચારીઓનો લગ્ન દરજજો અને નોકરીમાં કાયમી રહેવાની ઈચ્છાનાં સંદર્ભમાં તેના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળેલ છે. (2) જયારે રહેઠાણનો પ્રકાર, કુટુંબની સભ્ય સંખ્યા, ફુરસદના સમયની સંતોષકારકતાના સંદર્ભમાં તેના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળેલ નથી.

2.5.3 શીર્ષક :– જુનાગઢ શહેરના બેન્ક કર્મચારીઓના સમાયોજન, માનસિક સ્વાસ્થ્ય અને કાર્ય સંતોષનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ.

સંશોધક : એ. એમ. નંદાણીયા પ્રકાશન : 2006, Ph. D. Thesis, saurashtra University રાજકોટ.

નિદર્શ : 240 કર્મચારીઓ સાધનો : માનસિક સ્વાસ્થ્ય માપન તુલા ડો. ડી.જે.ભટ્ટ અને કુ. ગીતા ગીડા રચિત. માહિતી વિશ્લેષણ : F,r અને t કસોટી વડે કરેલ હતુ. તારણોઃ (1) અહી કર્મચારીઓના લગ્ન દરજજાના સંદર્ભમાં તેના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળેલ છે. (2)

જયારે ઉંમર, શૈક્ષણિક લાયકાત, નોકરીનો અનુભવ, કુટુંબનો પ્રકાર, નોકરીમાં અનુભવાતુ માનસિક તાણનું પ્રમાણ અને ચિંતાની બાબતમાં કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળેલ નથી.

2.5.4 શીર્ષક :– પરણીત અને અપરણીત કર્મચારીઓનું માનસિક સ્વાસ્થ્ય અને કાર્ય સામેલગીરી અને કાર્ય સંતોષનો તુલનાત્મક અભ્યાસ.

સંશોધક : સમુહા પરમાર પ્રકાશન : 2006, એબસ્ટ્રેકટ, નેશનલ કોન્ફરન્સ, યુનિ. આણંદ નિદર્શ : 160 કર્મચારીઓ સાધનો : માનસિક સ્વાસ્થ્ય માપન તુલા ડો. ડી.જે.ભટ્ટ અને કુ. ગીતા ગીડા રચિત. માહિતી વિશ્લેષણ : t કસોટી વડે કરેલ હતુ. તારણોઃ(1) અહી કર્મચારીઓના લગ્ન દરજજાના સંદર્ભમાં તેના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત પડતો નથી.

2.5.5 શીર્ષક :– બેન્ક કર્મચારીઓનું માનસિક સ્વાસ્થ્ય સંસ્થાકિય સ્વાસ્થ્ય અને વ્યવસાય સામેલગીરીનો મનોવૈજ્ઞાનિક તુલનાત્મક અભ્યાસ.

સંશોધક : ગોહેલ મનિષા વી. પ્રકાશન : M. A. ડેઝરટેશન સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ. નિદર્શ : 240 કર્મચારીઓ સાધનો : માનસિક સ્વાસ્થ્ય માપન તુલા ડો. ડી.જે.ભટ્ટ અને કુ. ગીતા ગીડા રચિત. માહિતી વિશ્લેષણ : )

F,r, t કસોટી વડે કરેલ હતુ. તારણો : (1)અહીં કર્મચારીઓની જાતિ, નોકરીનો અનુભવ, કુટુંબના પ્રકારમુજબ તેના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળે છે.(2) જયારે ઉંમર,જાતિ અને નોકરીના પ્રકારની તેના માનસિક સ્વાસ્થ્ય પરઅસર જોવા મળતી નથી.

2.5.6 શીર્ષક :– બેન્કમાં નોકરી કરતા કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અંગેનો અભ્યાસ.

સંશોધક : રસીક જેઠવા પ્રકાશન : 2007 એબસ્ટ્રેકટ, સ્ટેટ લેવલ કોન્ફરન્સ, સૌરાષ્ટ્ર મનોવિજ્ઞાન મંડળ. નિદર્શ : 180 કર્મચારીઓ. સાધનો : માનસિક સ્વાસ્થ્ય માપન તુલા ડો. ડી.જે. ભટ્ટ અને કુ. ગીતા ગીડા રચિત. માહિતી વિશ્લેષણ : t કસોટી વડે કરેલ હતું.

તારણો :(1) 10 વર્ષથી અનુભવ ધરાવનારા કર્મચારીઓની સરખામણીએ 15 વર્ષથી વધુ અનુભવ ધરાવતા શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય સારૂ જોવા મળેલ છે. (2) જાતિની બાબતમાં કર્મચારીઓનું માનસિક સ્વાસ્થ્ય સમાન જોવા મળેલ છે.

2.5.7 શીર્ષક :– બાળકોનાં માનસિક સ્વાસ્થ્ય સ્તરનો અભ્યાસ.

સંશોધક : પારઘી ઉષા કે. અને વેગરમહિયા એસ. આર.(1992). સંસ્થાઃ – આંધ્રપ્રદેશ એગ્રીકલ્ચર યુનિવર્સીટી કોલેજ ઓફ હોમ સાયન્સ, હૈદરાબાદ. સંશોધન પત્ર :– સામાજિક કાર્ય

1999LILI

(1) પેઈજ નં. 17–22 તારણો :– ચોકકસ વ્યકિતગત સામાજિક માતાના વ્યકિતત્વ પરિવર્ત્યો જેવાકે વ્યાવસાયિક સ્તરે, લગ્નનો વિસ્તાર, લગ્નને લગતો સંતોષ, વ્યકિતત્વ લક્ષણો, કુટુંબનો પ્રકાર અને વિવિધ પીછેહઠ પૃથ્થકરણ ધ્વારા સામાજિક વર્ગ બાળકના માનસિ સ્વાસ્થ્યને કેવી રીતે સંબંધિત છે તેનો અભ્યાસ વધારે મહત્વનો ભાવિ પરિવર્ત્યો સામાજિક સ્તર છે. મિલકત સાથે સામાજિક વર્ગનું હકારાત્મક જોડાણ બતાવે છે કેસામાજિક વર્ગ બાળકના માનસિક સ્વાસ્થ્યસ્તરનું પ્રાથમિક નિર્ણાયક બાબત છે. માનસિક સ્વાસ્થ્ય હિંસા સાથે વધારે અનુવાદ જોડાણ બતાવે છે કે બાળકોને લાગણીશીલ સુદઢતા મળતાવડાપણું જરૂર પડે છે કે જેને યોગ્ય માર્ગદર્શન આપવા યોગ્ય હોય અને તેને કે તેણીની પરિપકવતા તરફ વધારો કરવામા મદદ કરે છે.

માનસિક સ્વાસ્થય માત્ર, યુવા, પ્રૌઢ કે વૃધ્ધજનોને જ અસર કરતું પરિબળ નથી પરંતુ બાળ કોને પણ અસર કરે છે. હાઈ બી.પી.ના દર્દીઓના માનસિક સ્વાસ્થ્ય બાળકોના માનસિક સ્વાસ્થ્ય અભ્યાસ જુદો પડે છે

2.5.8 શીર્ષક :– તબીબી માનસિક સ્વાસ્થ્ય વિમાની સેવા પ્રાપ્ત કરનારના સેવાના સંતોષ અને સેવાની અસરકારકતા વચ્ચેનો સંબંધો.

– રોલેન્ડ બાર્બરા, લેગ બેન ડગલાસ, આર. રોરસ (2002)

તારણો :– (1) અન્ય નિદાન વાળા કરતા વિચ્છિન ચિતવિકાર વાળા દર્દીના અહેવાલ પ્રગટ કરે છે કે તેમના સંતોષ અને એકંદર જીવન સંતોષ વધારે જોવા મળ્યો છે. તેમજ તેમનું પોતાની માનસિક હાલતનું સ્વાગત ક્રમાંક ઉચુ જોવા મળેલુ. (2) વિચ્છિન ચિતવિકાર, ભાવવિભોર અને મનમેળ, રૂપવિકાર ધરાવનાર દર્દીના કિસ્સામા તેમના સેવા સંતોષ અને જીવન સંતોષનું નીરીક્ષણ કરેલુ પણ વિકૃત ચિંતાવાળાનું એવુ અવલોકન નહોતુ કર્યુ. (3) માનસિક સ્વાસ્થ્ય આ જ રીતે હાઈ બી. પી. નાં દર્દીને પણ પોતાનું બી.પી. જાળવવા મદદરૂપ થાય છે.

2.5.9શીર્ષક :– તરૂણના માનસિક સ્વાસ્થ્યની ઉન્નતિ અનેમનોવિકારોનું નિવારણ સુયોગ્ય છે ખરૂ ?

– કઈલ્તી આલા, હઈનો, રીટા કેરર (1999)

તારણો :– કેનસરનાં અને હદયની ધમની રોડા જેવા નિવારણની લાંબી પરંપરાની તુલનામાં મનોવિકારના નિવારણનો ખ્યાલ થોડોકે જોવા મળે છે. અને માનસિક સ્વાસ્થ્યની ઉન્નતિનો ખ્યાલ એના કરતા પણ વધારે તાજો છે. આ લેખ આ બંને ખ્યાલોની ચર્ચા કરે છે. અને માનસિક સ્વાસ્થ્યની ઉન્નતિ અંગેના પ્રવર્તમાન સાહિત્યની ખાસ કરીને તરૂણોના સંદર્ભમાં સમીક્ષા

કરે છે. પોતાના વિકાસાત્મક પડકાર અને મનોવિકારના ઉંચા જોખમ ધરાવતી તરૂણાવસ્થા તે બાળકની વિકાસલક્ષી હાડમારીનાં ઉકેલની શકયતાઓ દર્શાવે છે.

ખિન્નતા, આહારવિહાર, વિકૃત ચિંતા અને સમાજ વિરોધી વર્તન જેવા રોગના પ્રત્યક્ષ ઉદાહરણોનાં આધાર પર પ્રસ્તુત સમીક્ષા એ ગાળાના મનોસામાજિક જોખમી ઘટકો અને હસ્તક્ષેપોની વાતને કેન્દ્રમાં રાખી પ્રાધાન્ય આપે છે.

2.5.10 શીર્ષક :– બેકાર ચીની મજુરનુ માનસિક સ્વાસ્થ્ય.

– વુ હોરાન, જીઆંગ લોગ, ગ્યુઆન હેંગીઆંગ (2001)

તારણો :– (1) ચીનના બેકાર કામદારોના માનસિક સ્વાસ્થ્યની શોધખોળ કરી છે. 400 બેકાર અને 100 નોકરીયાતની SEL, COPER, LES

વગેરે દ્વારા માપણી કરી. (2) 20 ટકા બેકારની માનસિક દશા સારી પેઠે સ્થાન ભ્રષ્ટહતા તેમની સૌથી સામાન્ય વિકારોમાં ખિન્ન્તા, ચિંતા અને મનઃ શરીરી વિકારો હતા. શિક્ષણ અને કામના સમસ્યાંક EPQ ના P સામે N

અને મુલાકાતની રીતોમાં નિષેધક મુકાબલા પ્રાપ્તાંક નિયંત્રિત જૂથ કરતા સારી પેઠે ઉંચા હતા. જયારે સામાજિક સમર્થન તુલા અંગેના એકંદર સમર્થનાંક નિયંત્રિત પાત્રો કરતા સંગીન રૂપે નીચા હતા. સહસંબંધ અને નિયતસંબંધ પૃથક્કરણ દેખાડે છે કે બેકારની માનસિક હાલતનો વર્તાવ સૌમ્ય મનોવિકારી વ્યતિત્વ અને જીવનના પ્રસંગોનો સમાવેશ થાય છે. (3) પ્રસ્તુત અભ્યાસમાં પણ જાતિગત ભેદ રખાય છે. માનસિક પ્રમાણમાં ખિન્ન્તા સ્ત્રી અને પુરૂષ બન્નેમાં જોવા મળે છે.

2.5.11 શિર્ષક :– શહેરી અને ગ્રામ્ય વિદ્યાર્થીઓ વચ્ચેના માનસિક સ્વાસ્થ્ય સ્તરનો તુલનાત્મક અભ્યાસ.

– રેડી એસ. વિશ્વનાથ અને આગર નથમ્મા બી. (1995)

તારણો :– આ અભ્યાસનો હેતુ શહેર અને ગ્રામીણ વિદ્યાર્થીઓ વચ્ચેના જે માનસિક સમસ્યાનું વલણ ધરાવે છે તે તપાસવાનો હતો. આ અભ્યાસ માટે હાઈસ્કુલના 400 વિદ્યાર્થીઓને નમૂનામાં પસંદ કરવામાં આવ્યા હતા. (જેમા 200 છોકરા અને 200 છોકરીઓ) જેનું પરિણામ જોતા જણાય છે કે (1)ગ્રામીણ અને શહેરી વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં કોઈ ફેરફાર નથી. (2) છોકરાઓ અને છોકરીઓના માનસિક સ્વાસ્થ્ય સ્તરમાં આ સાથે મહત્વપૂર્ણ રીતે અલગ પાડયા હતા. (3) સામાજિક આર્થિક સ્તરની માનસિક સ્તરમાં કોઈ રહેલી નોતી.

2.5.12 શિર્ષક :– વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર તેની જાતિયતા, રહેઠાણ, વિસ્તાર તેમજ

કૌટુંબિક પરિસ્થિતિની કેવી અસર પડે છે તે જાણવાનો હતો. નિદર્શ :– જુદી–જુદી શાળાના આઠથી બાર ધોરણના વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. સાધનો :– 1. વ્યકિતગત માહિતી પત્રક 2. માનસિક સ્વાસ્થ્ય પ્રશ્નાવલિ.

તારણો :–1. વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય પર તેના રહેઠાણ વિસ્તારની અસર સાર્થક જોવા મળે છે. 2. છોકરા અને છોકરીઓમાં તેના માનસિક સ્વાસ્થ્યમાં તફાવત જોવા મળે છે તેવી જ રીતે કૌટુંબિક પરિસ્થિતિની અસર જોવા મળતી નથી.

2.5.13 શિર્ષક :– સામાજિક અનર્થિક પરિસ્થિતિની અસરો અને રાષ્ટ્રીય જીવન પ્રવાહથી અલગ એવી આદીવાસી ટોળીઓના માનસિક સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવવાનો અભ્યાસ.

– શ્રીનિવાસ અને વેદગીરી (1997)

નિદર્શ :– તામીલનાડુના કોઈમ્બતુરમાં પલામલાઈ ટેકરીઓના કુલ 147 કુટુંબ કબીલામાંથી પ્રસ્તુત સંશોધનમાં 70 કુટુંબ કબીલાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાના 82 ટકા લોકો અભણ હતા અને 12 ટકા પ્રાથમિક કક્ષા સુધી ભણેલા હતા. સાધનો :– કાન હાઉઝર (1995) રચિત માનસિક સ્વાસ્થ્યના છ માપદંડ પ્રમાણે વ્યકિતગત મુલાકાત લઈને માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જે આ પ્રમાણે હતી. 1.દેખીતી ચિંતા અને આવેગિક દબાણ સૂચિ 2.વિધાયક વિરૂધ્ધ લોકોના સ્વીકારમાં વિશ્વાસ સૂચિ. 3. દુશ્મનાવટ વિરૂધ્ધ લોકોના સ્વીકારમાં વિશ્વાસ સૂચિ 4. સામાજિકતા, મિત્રતા વિરૂધ્ધ એકલતા સૂચિ 5. જીવન સાથે સમગ્રપણે સંતોષ સૂચિ 6. વ્યકિતગત શિસ્ત વિરૂધ્ધ અનિયમિતતા, સામાજિક અતડાપણું અને નિરાશા સૂચિ.

તારણો :– 1. ઈરૂલા ટોળીના આદીવાસીઓના ચિંતા અને ઓદ્યૌગિક દબાણ સામાજિકતા અને જીવન સંતોષના માનસિક સ્વાસ્થ્યના પાસાંઓ ઉપર ઉચા પ્રાપ્તાંકો હતા જે સાર્થક રીતે ઉચા હતા. 2. ઈરૂલા ટોળીના આદીવાસીઓના સ્વમાન, દુશ્મનાવટ અને વ્યકિતગત શિસ્તના માનસિક સ્વાસ્થ્ય પાસાંઓ ઉપર સાર્થક રીતે નીચા પ્રાપ્તાંકો હતા.

2.5.14 શિર્ષક :– વિદ્યાર્થીઓના વિવિધ ઉંમરના માનસિક સ્વાસ્થ્યની તુલના કરવાનો

નિદર્શ :– અભ્યાસમાં 248 પ્રયોજનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અહિં અભ્યાસમાં બે જૂથો પાડવામાં આવ્યા હતા.120 સામાન્ય વિદ્યાર્થી અને 128 શારીરિક રીતે ક્ષતિગ્રસ્ત વિદ્યાર્થીઓ હતા.

સાધનો :– 1. માનસિક સ્વાસ્થ્ય પ્રશ્નાવલિ

તારણો :– 1. બંને ગૃપના વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્યના પ્રમાણમાં વધારો થતો જાય છે.

2.15 થી 20 વર્ષ કરતા 26 થી 30 વર્ષની વયના વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય સારા પ્રમાણમાં ઉચ્ચુ હતું. તેમ છતાં પણ શારીરિક રીતે ક્ષતિ ધરાવતા બાળકોનું માનસિક સ્વાસ્થ્ય તેની તુલનામાં ઘણું નીચું હતું.

2.5.15 શિર્ષક :– ઔદ્યોગિક કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય, કાર્ય સામેલગીરી અને સંસ્થાકિય વાતાવરણનો અભ્યાસ કરવો. નિદર્શ :– બોમ્બે અને વડોદરા સ્થિત બે રાસાયણિક કારખાનાઓમાં 400 કર્મચારીઓનો યદચ્છ નમૂનો પસંદ કરવામાં આવેલ હતો.

તારણો :– 1. માનસિક સ્વાસ્થ્યનો આવક કાર્યસામેલગીરી અને સંસ્થાકિય વાતાવરણ અને સાર્થક સહસંબંધ જોવા મળે છે. 2. ગુજરાતી કર્મચારીઓનું માનસિક સ્વાસ્થ્ય મહારાષ્ટ્રીયન કર્મચારીઓ કરતા સારું જોવા મળ્યું છે.

2.5.16 શિર્ષક :– ઔદ્યોગિક સંસ્થાના કર્મચારીઓની અસહાયતાની લાગણી, કાર્ય દબાણ, માનસિક સ્વાસ્થ્ય અને સંગઠન પ્રતિબધ્તા વગેરે અંગેની જાણકારી મેળવવાનો હતો.

– પટનાયક મિરા અને મિશ્રા (1993)

સાધનો :– 1. હેલ્પનેસ પ્રશ્નાવલિ 2. કાર્ય દબાણ પ્રશ્નાવલિ 3. માનસિક સ્વાસ્થ્ય પ્રશ્નાવલિ 4. સંગઠન પ્રશ્નાવલિ.

તારણો :– 1. સુપરવાઈઝરોમાં લાચારીની અનુભૂતિ, માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ અને કાર્ય દબાણ વધારે પ્રમાણમા અને સંગઠન પ્રતિબધ્ધતા ઓછા પ્રમાણમાં જોવા મળી હતી. 2. સર્વિસ યુનિટના અધિકારીઓમાં લાચારી તથા માનસિક સ્વાસ્થ્યની સમસ્યા સૌથી ઓછા પ્રાનણમાં જોવા મળી હતી. 3. ઉત્પાદન કરનાર સુપરવાઈઝરમાં લાચારીની અનુભૂતિ માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ વધુ પ્રમાણમાં જોવા મળી હતી.

2.5.17 :– શિર્ષક :– માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનું તેમના સામાજિક દરજ્જાના સંદર્ભમાં સંશોધન.

– રાય અને યાદવનો અભ્યાસ (1993)

સાધનો :– 1. વ્યકિતગત માહિતી પત્રક 2. માનસિક સ્વાસ્થ્ય તૂલા.

તારણો :– 1. વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ માનસિક રીતે વધુ સ્વસ્થ્તા ધરાવતી હતી. 2. શહેરી અને ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ માનસિક સ્વાસ્થ્યમાં અર્થસૂચક રીતે જુદા પડે છે.

3. વિદ્યાર્થીઓના અભ્યાસ તેમજ ઉંમર વધતી જાય તેમ તેમ તેમનું માનસિક સ્વાસ્થ્ય પણ વધતું જાય છે.

2.5.18 :– શિર્ષક :– શહેરી વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય સ્થિતિનો તફાવત જાણવા. – રેડ્ડી અને નગરથાનમ્મા (1993)

નિદર્શ :– આંધ્રપ્રદેશની ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની માધ્યમિક શાળાના 400 વિદ્યાર્થીઓને યદચ્છ વડે પસંદ કરવામાં આવ્યા હતા. સાધનો :– 1. માનસિક સ્વાસ્થ્ય તૂલા 2. સામાજિક આર્થિક દરજ્જા માપદંડ (1994)

તારણો :– 1. શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. 2. છોકરાઓ અને છોકરીઓના માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત ન હતો. 3. સામાજિક રીતે ઉપલા અને નીચલા વર્ગના વિદ્યાર્થીના માનસિક સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો.

2.5.19 શિર્ષક :– ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સામાજિક આર્થિક દરજ્જાના સંદર્ભમાં તેના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ.

– દિલીપ અઘારા (1995)

નિદર્શ :– ઉચ્ચતર માધ્યમિક શાળાના 300 વિદ્યાર્થીઓમાં 148 છોકરાઓ અને 152 છોકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સાધનો :– 1. સામાજિક આર્થિક દરજ્જા માપદંડ 2. માનસિક સ્વાસ્થ્ય વિશ્લેષણ પ્રશ્નાવલિ.

તારણો :– વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર તેમના સામાજિક આર્થિક દરજ્જાનો પ્રભાવ પડે છે. પરંતુ તેમની વિદ્યાશાખા કે જાતિયતા કે રહેઠાણની કોઈ સાર્થક અસર પડતી નથી.

2.5.20:– શિર્ષક :– અપરણિત–પરણિત સ્ત્રી–પુરૂષોની જાતિ, શિક્ષણ અને શારીરિક દેખાવના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ (2002). હેતું :– પરણિત–અપરણિત સ્ત્રી–પુરૂષોની જાતિ, શિક્ષણ અને શારીરિક દેખાવના સંદર્ભમાં કેવું માનસિક સ્વાસ્થ્ય ધરાવે છે તે માપન અંગેનો હતો. નિદર્શ :– જામકંડોરણા શહેરના 60 સ્ત્રી–પુરૂષોને યદચ્છ વડ પસંદ કરવામાં આવ્યા હતા. સાધનો :– 1. વ્યકિતગત માહિતી પત્રક 2. માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા.

તારણો :– પુરૂષો અને સ્ત્રીઓના માનસિક સ્વાસ્થ્યમાં બહુ તફાવત જોવા મળતો નથી.

## 2.6 **પ્રસ્તુત અભ્યાસ શાં માટે ?/મહત્વ :–**

આજના સાપ્રત સમયમાં સમયની માંગને જોતા નવી નવી ટેક્નોલોજીના વિકાસને કારણે તે નવી ટેક્નોલોજીને કઈ રીતે ઉપયોગમાં લેવી તે બાબતનું જ્ઞાન મેળવવું જરૂરી બન્યું છે. એટલે આ ક્ષેત્રમાં જેનો સિંહફાળો છે તેવા શિક્ષકના મહત્વને ઓછુ આંકવું જોઈએ નહિ. શિક્ષકને

ઔપચારિકતાની દષ્ટિએ વિવિધ રીતે વહેંચી શકાય. તેમાં માધ્યમિક શિક્ષણ એ જીવનનો અને વિકાસ નો સંક્રાંતિકાળ હોવાથી તેનું મહત્વ વિશેષ છે. કારણ કે આ બાળક બૌદ્ધિક, આવેગાત્મક, સર્જનાત્મક અને સામાજિક રીતે સક્ષમ બને તે જરૂરી છે. બાળકને જ્ઞાન આપનાર અને તેના જીવનને કંડારનાર શિક્ષકની ભૂમિકા સૌથી મહત્વની રહી છે. તેથી કહી શકાય કે માધ્યમિક શાળાના બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન થયુ હોય તો તે અસરકારક જીવન જીવવા માટે સક્ષમ બની શકે અને સમાજનો સારો અને અસરકારક નાગરિક બની શકે. જે રીતે શિલ્પી અસરકારક અને આકર્ષક મૂર્તિ બનાવે તે રીતે શિક્ષક પણ તેના વિદ્યાર્થીઓમાં યોગ્ય અને ઉચ્ચ ગુણોનું સિંચન કરી શકે જેના દ્વારા તે વ્યવસ્થિત જીવન જીવી શકે અને પોતાના માર્ગે અન્ય વ્યકિતઓને ધકેલી શકે પરંતુ જો શિક્ષકને પોતાના વ્યવસાયમાં યોગ્ય પ્રકારનો સંતોષ મળતો હોય તો તેનો જીવન સંતોષ વધુ હોય અને માનસિક રીતે સ્વસ્થ હોઈ શકે જે પાયાની બાબત છે.